જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 32 Monthly

JAGRUTI SANDESH

Vol 20 Issue No. 02 - Mumbai February-2020

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

હોળી

પર્વની વાચક મિત્રોને

હાર્દિક શુભકામના

INDIAN
Festival of colours

જેજેસીના દરેક સેન્ટર વતી ૨૦૨૦-૨૧ની જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓનો સન્માન સમારોહ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ચેરમેન
શ્રી પ્રફુલ વી. કામદાર ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી હરેશ પારેખ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના વાઈશ ચેરમેન
શ્રી કિશોર એસ. શેઠ ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી ચંદ્રકાંતભાઈ દોશી, હેમેન્દ્ર દેસાઈ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી જનરલ શ્રી જયંતી કે. છાડવા
ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી ધીરુભાઈ શાહ, સમીત શેઠ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી
શ્રી ઉદય ડી. સંઘવી ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી દિલીપ શાહ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી
શ્રી અનિલભાઈ જી. દોશી ટ્રોફી સ્વીકારતા હસ્તે પ્રફુલચંદ્ર શાહ, સમીર શાહ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી
શ્રી મિતેશ એમ. અંબાવી ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી અરવિંદ શાહ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, ગરવારે પૉલિસ્ટરની નજીક, એક્સિસ બૅન્કની ઉપર વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.

ફોનઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮/૦૨૨-૬૬૯૫૬૬૯૯

Website: www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : શ્રી ચંદ્રકાંત એફ. શાહ

કૅબિનેટ કમિટી ૨૦૨૦-૨૦૨૧

ચૅરમૅન	: શ્રી પ્રફુલ્લ વી. કામદાર
તા.ભૂ.પૂ.ચૅરમૅન	: શ્રી સંજય બી. શાહ
વાઇસ ચૅરમૅન	: શ્રી કિશોર એસ. શેઠ
	શ્રી વિનોદ એ. જૈન
સેક્રેટરી જનરલ	: શ્રી જયંતીભાઈ કે. છાડવા
સેક્રેટરી	: શ્રી ઉદય ડી. સંઘવી
	શ્રી અનિલ જી. દોશી
	શ્રી મીતેષ એમ. અંબાવી
	શ્રી ભાવિન જે શાહ
ડેવલપમેંટ સેક્રેટરી	: શ્રી રાજેશ સી. ગાંધી
ખજાનચી	: શ્રી રાજેશ આર. ભણસાલી
	: શ્રી પ્રફુલ પી મહેતા
તંત્રી	: શ્રી ચંદ્રકાંત એફ. શાહ

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી	: શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી	: શ્રી કિશોર એન. શાહ
વાઇસ ચૅરમૅન / ટ્રસ્ટી	: શ્રી રમેશ જે. મોરબિયા
વાઇસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી	: શ્રી સંજય બી. શાહ
સેક્રેટરી / કાયમી ટ્રસ્ટી	: શ્રી પ્રફુલ્લ વી. કામદાર
સેક્રેટરી / ટ્રસ્ટી	: શ્રી અમિત ડી. કોઠારી
ખજાનચી / ટ્રસ્ટી	: શ્રી હસમુખ કે. દેઢિયા

(અનુદાન ટ્રસ્ટી)

શ્રી પ્રવીણ જી. શાહ, શ્રી કમલેશ સી. શાહ

કાયમી ટ્રસ્ટી :

શ્રી હર્ષદ જે. ગાંધી — શ્રી અનિલ જી. દોશી
શ્રી રાજેશ સી. ગાંધી — શ્રી રાજેશ આર. ભણસાલી

(ટ્રસ્ટી)

શ્રી કિશોર એસ. શેઠ — શ્રી શૈલેષ ડી. શાહ
શ્રી જયંતી કે. છાડવા — શ્રી ધર્મેશ એસ. જૈન
શ્રી ચંદ્રકાંત એફ. શાહ

આમંત્રિત

શ્રી દિનેશ વ્હી. શાહ — શ્રી કીર્તિ કે. શાહ
શ્રી કિરણ એચ. શાહ — શ્રી મુકેશ સી. શાહ
શ્રી રસિક એન. કોઠારી — શ્રી મહેંદ્ર પી. શાહ
શ્રી ઉદય ડી. સંઘવી — શ્રી રમેશ જી. લાખાણી

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૫૦/-

Message From The CHAIRMAN.....

મારા સ્નેહાળ વડિલો,
ભાઈઓ
બહેનો તથા બાળકો,
જય જિનેન્દ્ર,

જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનો એટલે વિવિધ સેન્ટરો દ્વારા સમાજલક્ષી કાર્યનો રસથાળ. જેજેસી સુરેન્દ્ર નગર સર્ચ લાઈફ પાર્ટનર-યુવામેળો, જામનગર પંચમ પસંદગી પરિચય સેતુ તેમજ જેજેસી કાંદિવલી (મુંબઈ)નો યુવા મેળાનો પણ આયોજન ખરેખર સમાજને જેની અત્યારે ખાસ જરૂર છે. વડિલ વર્ગ આ કાર્યમાં આગળ આવતા નથી અને યુવા વર્ગ બેફિકર છે. ત્યારે મા-બાપ યુવામેળાના આયોજનમાં પોતાના બાળકોને ભાગ લેવડાવીને પોતાની ચિંતા ઓછી કરવાનો નમ્ર પ્રયાસ કરે છે. સેન્ટ્રલબોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો આવા કાર્યમાં ભાગ લઈને પ્રોત્સાહન દરેક સેન્ટરને આપતું જ હોય છે. ડિસેમ્બર મહિનામા મુંબઈમાં ૧૯ યુવક-યુવતીઓના સમુહલગ્ન અને જાન્યુઆરી મહિનામાં સુરેન્દ્રનગરમા પાચ યુવક-યુવતીઓના સમુહલગ્ન પણ ધામધુમથી યોજાયા. આવા સમુહલગ્નમા ભાગ લેનાર દરેક પરિવારને અમે નતમસ્તકે અભિનંદન પાઠવીએ છીએ. કારણ કે આ સમુહલગ્નમાં જોડાઈને સમાજલક્ષી કાર્ય કરવાનો અમને એક વધુ મોકો આપ્યો જે સમાજ માટે આશીર્વાદરૂપ સાબીત થાય છે.

ખરેખર વિચારીએ તો પસંદગીનાં પાત્રો સાથે મિટિંગ કરવામાં મિટિંગ દીઠ આ મોંઘવારીમાં કેટલો ખર્ચ થાય છે. માતા-પિતા વડીલો અને લગ્નોત્સુકો કેટલા તનાવમાંથી પસાર થાય છે ! વ્યસ્ત જિંદગીમાં તેમના કેટલા દિવસો બરબાદ થાય છે ? ખરેખર તો સમાજના મોભીઓ તથા જૈન જાગૃતિ સેન્ટરોએ સમાજ માટે અભિશાપ ગણાતો સગપણનો કોયડો અભિસારરૂપ બનાવી દીધો છે. આ માટે દરેક આયોજક સેન્ટર, તેની કમિટી ધન્યવાદને પાત્ર છે. સેન્ટ્રલ બોર્ડ તેમનું અભિવાદન કરે છે.

સાથેસાથે એક પ્રશ્ન તો મનમાં ઊઠે જ છે. આવડા મોટા દેશમાં દરેક વર્ષે ક્યાંક તો દુષ્કાળ અથવા અતિવૃષ્ટિની સમસ્યા હોય જ છે. આનો ઉકેલ કેમ આપણે લાવી શકતા નથી ? ભારતમાં હિમાલય, વિંધ્યાચલ, અરવલ્લી, સાતપુડા, સહ્યાદ્રી, નીલગીરી જેવી જબ્બરજસ્ત પર્વતમાળાઓ છે જે પૂરતો વરસાદ ખેંચી લાવવા સક્ષમ છે. આ પર્વતમાળા ઉપરના જંગલનો આપણે ક્ષુલ્લક સ્વાર્થ ખાતર નાશ કરતા જઈએ છીએ, તેથી વરસાદની માત્રા ઘટી રહી છે. તેમ છતાં હજી જરૂરિયાત પૂરી થાય તેટલો વરસાદ દરેક પર્વતમાળામાં પડે છે. વરસાદના આ પાણીને વૈજ્ઞાનિક શોધખોળનો ઉપયોગ કરી સંઘરવું જોઈએ, જેના પ્રયત્નમાં આપણે ઊણા ઊતરીએ છીએ. ઉપરાંત દેશની દરેક નદીઓને એકબીજા સાથે સાંકળી લઈ ક્યાંક દુષ્કાળ કે ક્યાંક

અતિવૃષ્ટિ પર કાબૂ મેળવી શકાય. ૧૯૬૦-'૬૧ દરમિયાન તત્કાલીન ઉચ્ચ ભૂસ્તરશાસ્ત્રી ડૉ. દસ્તૂરે એક મહત્ત્વાકાંક્ષી "Garland Project" રજૂ કર્યો હતો જે અન્વયે ગંગા-જમુના-બ્રહ્મપુત્રાનું પાણી મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત સુધી અને ગોદાવરી-કાવેરીનાં જળ મહારાષ્ટ્ર, ઓરિસા, આંધ્ર પ્રદેશ સુધી પહોંચાડવાનો પ્રોજેક્ટ હતો. આનાથી પાણીની સમસ્યા તો ઉકેલાતી હતી, પણ જળવહન વ્યવસ્થા દ્વારા ટ્રાન્સ્પોર્ટનો ખર્ચો પણ સાવ જ નજીવો આવતો હતો. કોઈ કારણસર રાજ્યોના માંહોમાંહેના ઝઘડાનો ઉકેલ આવ્યો નહીં અને આખો પ્રોજેક્ટ અભરાઈ પર ચડાવી દેવામાં આવ્યો. રાજ્યો વચ્ચેની હુંસાતુંસી તથા સ્વાર્થી રમત જોઈ મને એમ લાગે છે કે આ બધાને નાથવા સરદાર વલ્લભભાઈ પટેલે હજી ૧૦-૧૫ વર્ષ વધારે જીવવાની જરૂર હતી. ખેર, આને નસીબ બે ડગલાં આગળ કહેવાય!

માર્ચ તા. ૨૫-૩-૨૦૨૦ના રોજ ગૂડીપડવો આવે છે લગભગ ૮૦૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રીરામે પિતાને આપેલ વચન પ્રમાણે ચૌદ વર્ષનો વનવાસ વેઠી, એ ચૌદ વર્ષ દરમિયાન અનિષ્ટરૂપ રાવણનો વધ કરીને વિજય મેળવીને અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો તેની ઉજવણી નિમિત્તે ગૂડી બનાવી તેની પૂજા કરવામાં આવે છે. ગૂડીપડવો મહારાષ્ટ્રમાં વિશેષરૂપે ઊજવાય છે. ચૈત્ર શુદ-૧ એટલે કે ગૂડીપડવો (પડવો એટલે એકમ)થી નવું વર્ષ શરૂ થાય છે તેથી મહારાષ્ટ્રીયનો માટે શુભ દીન લેખાય છે. શાલિવાહન સંવતની શરૂઆત પણ આ જ દિવસે શરૂ થાય છે. ચાલો, આવા પ્રતિપદાના પાવન દિવસે મંગળ પ્રાર્થના કરીએ કે 'શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે' અને હા, હવે પાટી-પેન તો રહ્યાં નથી, એકડો પણ વ્યવહારમાંથી અદશ્ય થઈ ગયો છે, ત્યારે તમારાં સંતાનો (૨½ વર્ષ- પહેલાંની જેમ સાત વર્ષ સુધી ખેંચવાનું નહીં)ને કૉમ્પ્યુટર સામે બેસાડી Key Board ઑપરેટ કરાવી અભ્યાસના શ્રીગણેશ કરો. સરસ્વતી દેવીના આશીર્વાદ સંતાનોને મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

નવાં સેન્ટરો ઓપન કરવા તથા જૂનાં દરેક સેન્ટરની સ્થાનિક સમસ્યા, નાનાં ગામ હવે જૈનવિહોણાં થતાં જાય છે, ધંધાના અભાવે તથા સલામતીના સંદર્ભમાં જૈનો ધીમેધીમે ગામડાંમાંથી મોટાં શહેરોમાં વસતા જાય છે, તેમાંય ખાસ સૌથી મોટી મૂંઝવતી સમસ્યા ઍજ્યુકેશન અને લગ્નસંબંધી છે. માટે જ આ ચિંતાનો વિષય છે, ઉપરાંત ચિંતન પણ કરવું જરૂરી છે.

હાલમાં બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. ધોરણ ૧૦ કે ધોરણ ૧૨માં અભ્યાસ કરનાર દરેક વિદ્યાર્થી કે વિદ્યાર્થીની અત્યારે જબરદસ્ત પ્રેશરમાં હશે. દરેકને અવ્વલ નંબર લાવવો છે અથવા તો માતા-પિતાને લેવડાવવો છે. દરેક વ્યક્તિ ટોચ ઉપર બેસવાની રેસમાં ભાગ્યા જ કરે છે. ખરેખર તો આ જિંદગીની રેસ છે. તેમાં ન દોડવું કે કોમ્પિટ ન કરવું તેવું કહેવાનો આશય નથી. શાકિલ ગ્વાલિયરીની ઉપરોક્ત વાત એમ કહે છે કે, માત-પિતાએ થોડા સમજુ અને પ્રેક્ટિકલ થવું જોઈએ. બોર્ડની પરીક્ષા છે, મહત્ત્વનું વર્ષ છે, સારા પરિણામની આશા છે પણ તેનું દબાણ ન હોવું જોઈએ. બાળક બોર્ડમાં હોય ત્યારે તેને દબાણમાં નાખવાની નહીં પણ જવાબદાર બનાવવાની જરૂર છે.

વાસ્તવિક રીતે વિચારીએ પરીક્ષા ખૂબ જ સારી બાબત છે. પરીક્ષા આપણા મહેનતનો માપદંડ છે પણ અવ્વલ આવવાની લ્હાયમાં આપણે મહેનતના આ માપદંડને જિંદગીનો માપદંડ બનાવી દીધો છે. આમ જોઈએ તો સામાન્ય નિયમ એવું કહે છે કે, કોઈપણ કામ કરો અને તેની ચકાસણી કરો તે પરીક્ષા. તેમાં સફળતા મળે અને નિષ્ફળતાના પાસાને સાંખી લેવાય જ નહીં. તેમાંય આજના આધુનિક અને હાઈલી એજ્યુકેટેડ માતા-પિતા માટે સંતાનો રેસના ઘોડા સિવાય કશું છે જ નહીં. કિંડર ગાર્ટનથી રેસમાં ઉતાર્યો તે છેક જિંદગી પૂરી થાય ત્યાં સુધી તેને ડફણાં મારી મારીને દોડાય દોડાય કરવાનાં. તેમાં પણ અવ્વલ તો આવવું જ પડશે તે શરત અનિવાર્ય હોય છે.

છેલ્લાં બે મહિનાથી ઘણા લોકોના મોઢે વાત સાંભળી છેઃ ના હો હવે નહીં... અમારે આ વર્ષે બોર્ડ છે. અમારે દસમું છે. અમારે બારમું છે. અમારે બાર સાયન્સ છે, હો... હમણાં કશું જ નહીં... બાળક દસમા કે બારમા ધોરણાં આવે એટલે ઘરમાં એક વર્ષના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવે છે. ઘરમાં કટોકટી લાગુ કરી દેવાય છે. તમામ ઉત્સવો, આનંદ અને મોજશોખ ઉપર આકરા નિયમો લાદી દેવામાં આવે છે. ઘરના દરેક સભ્યોએ માર્ચના અંત સુધી સોગીયું મોઢું રાખીને જ ઘરમાં ફરવાનું માત્ર અભ્યાસ, અભ્યાસ અને અભ્યાસ. સ્કૂલ જાઓ, ત્યાંથી પાછા આવી ટ્યૂશન ત્યાંથી પાછા આવી અન્ય કોઈ પર્સનલ કોચિંગમાં જાઓ પછી બધાનું હોમવર્ક, એક્ઝામની તૈયારીઓ, પ્રોજેક્ટ, જાતભાતના નાટકો થતા હોય છે. આ બધી બાબતોનો કોઈ અંત જ નથી.

સાથેસાથે એસ.એસ.સી અને એચ.એસ.સી. દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને મારા તરફથી સર્વેને **Bestof Luck.**

લિ. પ્રફુલ વી. કામદાર
ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ

મનોરંજનની અટારીએથી

જે.જે.સી.		તારીખ	કાર્યક્રમ	
● જેજેસી અમૃતનગર	:	૨૦-૧-૨૦	સફરજન - નાટક	*
● જેજેસી બોરીવલી	:	૩૧-૧૨-૧૯	New Year's Eve Party - ઑર્કેસ્ટ્રા	*
● બોરીવલી (લે. વિંગ)	:	૭-૧-૨૦	મ્યુઝીકલ હાઉઝી - ગેમ શો	*
● જેજેસી ભુજ	:	૫-૧-૨૦	હાઉઝી ગેમ - ગેમ શો	*
● જેજેસી ચેમ્બુર	:	૨૭-૧-૨૦	મ્યુઝીકલ હાઉઝી - ગેમ શો	*
● જેજેસી સેન્ટ્રલ મુંબઈ	:	૨૭-૧-૨૦	અંતાક્ષરી	*
● જેજેસી દહિસર	:	- - ૨૦	બીગ બૉસ હાઉસ - ગેમ શો	*
● જેજેસી જુહુ બીચ	:	૪-૧-૨૦	બોલીવુડ કવ્વાલી નાઈટ - કવ્વાલી	*
	:	૧૮-૧-૨૦	Mika Singh Live Concert - ઑર્કેસ્ટ્રા	*
	:	૨૯-૧-૨૦	સફરજન - નાટક	✦
● જેજેસી - જુહુ	:	૭-૧-૨૦	કરસનદાસ કોમેડીવાલા - નાટક	◈
	:	૯-૧-૨૦	ગુડ ન્યુઝ - ફિલ્મ	◈
	:	૧૬-૧-૨૦	વેવાઈ Vs વેવાઈ - નાટક	✦
	:	૨૨-૧-૨૦	તનાહજા ૩ડી - ફિલ્મ	◈
	:	૨૫-૧-૨૦	સંજીવની ભિલાંદે - ૯૦s કાનસા - ઑર્કેસ્ટ્રા	◈
	:	૨૯-૧-૨૦	સફરજન - નાટક	✦
● જેજેસી - કાંદિવલી	:	૧૨-૧-૨૦	Fun Fair	*
	:	૨૦-૧-૨૦	ચક્કરડી ભમરડી - નાટક	◈
	:	૩૧-૧-૧૯	Bye Bye 2019 Welcome 2020	*
● જેજેસી મલાડ	:	૧-૧-૨૦	મ્યુઝીકલ હાઉઝી - ગેમ શો	*
● જેજેસી - પનવેલ	:	૧૬-૧-૨૦	બૈરાઓનો બાહુબલી	✦
● જેજસી વિલેપાર્લે	:	૮-૧-૨૦	બળૂચક મેટ બબીતા - નાટક	◈
	:	૮-૧-૨૦	Grand Musical Event - ઑર્કેસ્ટ્રા	◈
	:	૨૨-૧-૨૦	સફરજન - નાટક	◈

● જેજેસી નવી મુંબઈ	:	૧૩-૧-૨૦	આટલી બાટલી ફુટલી - નાટક	◈
	:	૧૬-૧-૨૦	સફરજન - નાટક	◈
● જેજેસી નૉર્થ ઈસ્ટ	:	૧૩-૧-૨૦	અમૃતા ગાંધી Not Guilty- નાટક	◈
	:	૧૨-૧-૨૦	Food Mela -	◈
	:	૨૧-૧-૨૦	તાનાજી - ફિલ્મ	◈
	:	૨૨-૧-૨૦	મૌસમ છલકે - ઑર્કેસ્ટ્રા	✱
● જેજેસી નૉર્થ વેસ્ટ	:	૧૨-૧-૨૦	Food Mela	◈
	:	૧૩-૧-૨૦	મૌસમ છલકે - ઑર્કેસ્ટ્રા	◈
	:	૨૨-૧-૨૦	તાનાજી - ફિલ્મ	◈
● મુંબઈ	:	૨-૧-૨૦	ગુડ ન્યુઝ - ફિલ્મ	◈
	:	૧૦-૧-૨૦	બંધ હોઠની વાત - નાટક	◈
	:	૧૪-૧-૨૦	તાનાજી - ફિલ્મ	◈
	:	૩૧-૧-૨૦	સફરજન - નાટક	◈
● જેજેસી કોલકાતા	:	૧૦-૧-૨૦	રૂપમંજરી - રિસોર્ટ	✱
● જેજેસી - માંડવી	:	૧-૧-૨૦	જરૂરિયાતમંદોને ગરમ બ્લેન્કેટ વિતરણ	◈
	:	૧૪-૧-૨૦	પતંગોત્સવ - ઉત્તરાયણ	✱
	:	૨૬-૧-૨૦	પ્રજાસત્તાક દિન - ધ્વજવંદન	✦
● જેજેસી વાપી	:	૩૧-૧-૧૯	ન્યુ યર પાર્ટી	✱
● જેજેસી વાશી	:	૨૭થી૨૯-૧-૨૦	તાનાજી - ફિલ્મ	◈
● જેજેસી રજવાડી	:	૫-૧-૨૦	વેટ ઍન્ડ જૉય મૅજીક માઉન્ટેન - રીસોર્ટ	✱
	:	૧૨-૧-૨૦	ગેટ ટુ ગેધર પોક પાર્ટી	✱
	:	૧૨-૧-૨૦	કાઠિયાવાડી ફુડ મેલા	✱
	:	૧૮-૧-૨૦	Mika Singh Live Concert - ઑર્કેસ્ટ્રા	✱
	:	૨૫-૧-૨૦	સફરજન - નાટક	◈
● જેજેસી રૉયલ જગડુશા	:	૫-૧-૨૦	બર્થ ડે પ્રોગ્રામ	✱
	:	૧૬-૧-૨૦	મૌસમ છલકે - ઑર્કેસ્ટ્રા	✱
	:	૨૦-૧-૨૦	તાનાજી - ફિલ્મ	◈
	:	૨૯-૧-૨૦	અમૃતા ગાંધી Not Guilty- નાટક	◈

સંજ્ઞા : જમણ સાથે ✱ જમણ વિના ◈ નાસ્તો ✦

દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.

જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

MARCH CHARTER DATE

Sr. No.	Name Of Centre	Charter Date	President	Mobile No	Secretary	Mobile No.
1	Kolhapur	08-03-2009	Mahendra Jain	9689894460	Vinod Parekh	9850166877
2	Mehsana	13-03-1994	Vimal Shah	9825096330	Brijesh Shah	9426311627
3	Ladies Wing Junagadh	18-03-2018	Amishi Gandhi	9824610900	Sonal Avalani	9429373970
4	Ladies Wing Anjar	20-03-2016	Daxa Chudgar	9408204375	Jayshri Haria	9408244222
5	Sudan	26-03-2010	Mahendra Bavishi	+249 91 2303993	Haresh Patwa	+249 91 2394578
6	Junagadh	29-03-1997	Jaydeep Parekh	9428622556	Jayesh Avlani	9898026715

JJC CENTRAL BOARD

Name : Jayanti K. Chhadva

Marrige Date : 21-03-1976

Mobile No. : 9821120217

Email ID : jayantichhadva@gmail.com

JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

Name : Jitendra S. Kothari

Date of Birth : 23-03-1952

Mobile No. : 9821012321

Email ID : jitukothari@gmail.com

"પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર"

જેજેસી કાંદિવલી

અગિયાર મો યુવક-યુવતી પરિચય સંમેલન

જેજેસી કાંદિવલી દ્વારા અગિયાર મો યુવક-યુવતી પરિચય સંમેલન રવિવાર. તા. ૧૯.૦૪.૨૦૨૦ ના રોજ કાંદિવલી, મુંબઈ મુકામે રાખેલ છે.

આ યુવા મેળામાં જે અપરિણિત ઉમેદવારની વય ૨૧ થી ૩૫ વર્ષ સુધીની હશે અને જન્મે જૈન હશે (કોઈપણ ફીરકાના) તેમનો જ સમાવેશ કરવામાં આવશે.

વધુ વિગત માટે :

૯૮૬૯૭૮૭૪૩૯ / ૯૮૨૧૦૫૦૧૬૯ / ૯૮૨૦૭૨૨૫૪૨ / ૯૮૨૦૬૨૫૮૮૦ / ૯૩૨૦૦૮૫૦૮૪
અથવા સંસ્થાની ઓફીસમાં (૦૨૨-૨૮૬૬૦૧૬૯- ગુરૂવાર સમય ૪ થી ૬ અને રવિવાર-સવારે ૧૦ થી ૧૨. ઉપર સંપર્ક સાધવા વિનંતી.

Online Registration પણ શક્ય છે.
Website : www.jjckandivali.com

રજિસ્ટ્રેશન ફી : યુવક / યુવતી + વાલી - રૂા. ૫૦૦/- / ત્રીજી વ્યક્તિ - રૂા. ૩૦૦/-

નવકાર મહામંત્રનો કોઈ અધિષ્ઠાયક દેવ થઈ શકે નહીં

કુમારપાળ દેસાઈ

લોકોત્તર એવા નમસ્કાર મહામંત્રની વિશેષતા અને એના ગર્ભીત રહસ્ય વિશે ઉપાસકો, સાધકો અને અભ્યાસીઓએ વધુ જાણવાની જિજ્ઞાસા પ્રગટ કરી અને તેથી અહીં નવકાર મંત્રની અન્ય મંત્રોના સંદર્ભે જોવા મળતી આગવી વિશેષતાઓ અને એમાં પ્રગટ થતું રહસ્ય મંત્રસાધકો અને મંત્રચાહકોની લાગણીને માન આપીને આલેખીએ છીએ.

દરેક મંત્રોમાં કોઈને કોઈ અધિષ્ઠાયક દેવ હોય છે એ અધિષ્ઠાયક દેવ વશ થાય કે પ્રસન્ન થાય તો જ મંત્ર સિદ્ધ થયો ગણાય કહેવાનું તાત્પર્ય કે ત્યાર પછી જ તે પોતાનું ફળ આપે છે, પરંતુ એ દેવોને વશ કરવાનું કે પ્રસન્ન કરવાનું કામ સહેલું હોતું નથી.

એક પ્રકારના અટપટા ઉપાય કામે લગાડ્યા પછી કે કઠિન અનુષ્ઠાનો કર્યા પછી જ તેમાં સફળતા મળે છે. તેમાં ભયસ્થાનો પણ ઘણાં રહેલાં છે. કંઈ ફેર થયો કે આડું પડ્યું કે આશાતના થઈ તો સાધક પોતાનો પ્રાણ ગુમાવે છે અથવા અન્ય કષ્ટ ભોગવે છે, અથવા ચિત્તભ્રમ આદિનો ભોગ બનીને ખુવાર થાય છે, પરંતુ નવકારમમંત્રનો કોઈ એક અધિષ્ઠાયક દેવ નથી.

વધારે સ્પષ્ટ કહીએ તો કોઈ તેની અધિષ્ઠાયક દેવ થઈ શકે એમ નથી. સમ્યકત્વધારી અનેક દેવો તેના સેવક થઈને રહેલા છે અને તે અનન્ય ભાવે આરાધના કરનારનાં સર્વ મનોરથો પૂરા કરે છે.

લોકોત્તર વસ્તુઓનું આકર્ષણ કરવું, એ નવકાર મંત્રની એક આગવી વિશેષતા છે. તે અંગે કહ્યું છે કે,

'તે પંચપરમેષ્ઠિ નમસ્ક્રિયારૂપ અક્ષરમયી આરાધના દેવતા તમારું રક્ષણ કરો કે જે સુરસંપદાઓનું આકર્ષણ કરે છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશ કરે છે, ચાર ગતિમાં થનારી વિપત્તિઓનું ઉચ્ચાટન કરે છે. આત્માનાં પાપો પ્રત્યે વિદ્વેષણ કરે છે, દુર્ગતિ પ્રત્યે ગમન કરવાને પ્રયત્ન કરતા જીવોનું સ્તંભન કરે છે, એટલે કે તેમને અટકાવે છે અને જે મોહનું પણ સંમોહન કરે છે, એટલે કે તેને મુંઝવે છે.'

સરળ અને સ્પષ્ટ ઉચ્ચારણ

અન્ય મંત્રો ઉચ્ચારણમાં ક્લિષ્ટ કે કઠિન હોય છે, તેમ જ અત્યંત ગુઢાર્થવાળા હોય છે, ત્યારે નવકાર રમંત્ર ઉચ્ચારણમાં સરળ છે અને તેના અર્થ પણ અતિ સ્પષ્ટ છે. તેથી બાળકથી માંડીને વૃદ્ધ સહુ કોઈ તેને સરલતાથી બોલી શકે છે તથા તેનો અર્થ સમજી શકે છે.

નવકાર મંત્રની સાતમી વિશેષતા એ છે કે પ્રણવ (ૐકાર) હ્રીંકાર, અર્હ વગેરે શક્તિશાળી બીજો તેમાં છૂપાયેલાં છે. નવકાર મંત્ર સર્વ મંત્રોનું ઉત્પત્તિસ્થાન છે, એ જ એની આગવી વિશેષતા છે.

અન્ય મંત્રોમાં કોઈ પદ આગળ કે પાછળ અથવા બે વાર આવેલું હોય છે. પણ નવકાર મંત્રમાં નમો પદ પાંચ વાર આવેલું છે, આ નમઃ પદ ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, તથા તંત્રશાસ્ત્રની દ્રષ્ટિએ ઘણું મહત્વનું છે. ધર્મશાસ્ત્રની દષ્ટિએ ઘણું મહત્ત્વનું છે, ધર્મશાસ્ત્રની દષ્ટિએ એ વિનયનું પ્રતીક છે. મંત્રશાસ્ત્રની દષ્ટિએ એ શોધનબીજ છે એટલે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરનારું છે તથા તંત્ર દષ્ટીએ એ શાંતિક-પૌષ્ટિક ક્રિયાનો સંકેત કરનારું છે એટલે તેનાથી સર્વ ઉપદ્રવોની શાંતિ થાય છે અને ધન-ધન્યાદિની વૃદ્ધિ થાય છે.

નવકાર મંત્રની એક વિશેષતા એ છે કે તેનું

ઉચ્ચારણ કરતાં અડસઠ તીર્થની યાત્રા થઈ જાય છે. તેનો એક અક્ષર એક તીર્થ બરાબર છે, એ રીતે અડસઠ અક્ષરો અડસઠ તીર્થ બરાબર છે.

મહાઉપકારી મંત્ર

પૃથ્વી આપણા પર ઉપકાર કરે છે, તે આધાર ન આપે તો આપણે આ જગતમાં રહી શકીએ નહિ. જળ આપણા પર ઉપકાર કરે છે, તેના વિના આપણું જીવન ટકી શકે નહિ. વાયુ આપણા પર ઉપકાર કરે છે. તેના વિના શ્વાસોચ્છવાસની ક્રિયા સંભવી શકે નહિ. અગ્નિ એટલે ઉષ્મા કે ગરમી આપણા જીવન પર ઉપકાર કરે છે, તેની સહાય ન હોય તો ખાધેલું પચે નહિ કે શરીર સારી રીતે સારી અવસ્થામાં રહી શકે નહિ. આ રીતે બીજી પણ કેટલીક વસ્તુો આપણા પર ઉપકાર કરે છે અને તેથી જ આપણું જીવન શક્ય બને છે, પણ આ બધા સામાન્ય કોટિના ઉપકારો છે. સામાન્ય કોટિના એટલા માટે કે નમસ્કાર મંત્ર આપણા પર જે ઉપકાર કરે છે તેની તુલનામાં એ ઉભા રહી શકે નહીં. અન્ય શબ્દોમાં કહીએ તો આપણા પર નવકાર મંત્રનો ઉપકાર સહુથી મોટો છે, તેથી જ તેને મહાઉપકારી ગણવામાં આવે છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'નવકાર મંત્ર તો જડ અક્ષરની રચના છે, તે આપણા પર ઉપકાર શી રીતે કરી શકે?' તો એમ કહેવું ઉચિત નથી. જડ વસ્તુ પણ આપણા પર ઉપકાર કરી શકે છે. દાખલા તરીકે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચારેય દ્રવ્યો જડ છે, છતાં આપણા જીવન પર કેટલો ઉપકાર કરે છે?

જો મંત્રને જડ અક્ષરની રચના માની તેના ઉપકારીપણાનો નિષેધ કરીએ તો શાસ્ત્ર પણ જડ અક્ષરની રચના છે, તેને ઉપકારી શી રીતે માની શકીએ? પણ દરેક સુજ્ઞ મનુષ્ય શાસ્ત્રને ઉપકારી કે મહાઉપકારી માને છે, કારણ કે તેના વડે સમ્યગજ્ઞાન કે સદ્બોધની પ્રાપ્તિ થાય છે.

નવકાર મંત્રનું પણ તેવું જ છે. તે અહિંસા, સંયમ, તપ તથા યોગ સાધનાનો ઊંચમાં ઊંચો આધ્યાત્મિક આદર્શ આપણી સામે રજૂ કરે છે અને એ રીતે આપણા જીવનનો ઉત્કર્ષ સાધવામાં ઘણી સહાય કરે છે, આ તેનો જેવો તેવો ઉપકાર નથી!

'ગુરુને સામાન્ય માનનારો, મંત્રમાં અક્ષરબુદ્ધિ ધારણ કરનારો તથા દેવપ્રતિમામાં પથ્થરની મૂર્તિ માનનારો નરકમાં જાય છે.'

કહેવાનું તાત્પર્ય એ છે કે ગુરુને સામાન્ય કોટિના ન માનતા દેવસ્વરૂપ માનવા જોઈએ અને તેમના પ્રત્યે એવો જ વિનયપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ. જો ગુરુને સામાન્ય માની તેમની સાથે એ પ્રકારનું વર્તન કર્યું, તો મંત્રસાધના નિષ્ફળ જવાની, એટલું જ નહિ પણ ભવિષ્યમાં દુર્ગતિની પ્રાપ્તિ થવાની.

જે મનુષ્યો મંત્રને દિવય શક્તિથી વિભૂષિત એક પવિત્ર વસ્તુ માનવાને બદલે માત્ર જડ અક્ષરોનો સમૂહ માને છે અને એ રીતે તેના અચિંત્ય પ્રભાવ વગેરેની ઉપેક્ષા કરે છે. તેમની અવસ્થા પણ આવી જ થવાની.

તે જ રીતે જેઓ દેવપ્રતિમાને દેવત્વનો સાક્ષાત્કાર કરાવનારી એક મંગલમય પ્રશસ્ત વસ્તુ માનવાને બદલે પથ્થરનું પૂતળું માની તેનો ઉપહાસ કરે છે કે તેના ઉપકાર-મહાઉપકારનો વિચાર કરવો જોઈએ.

જીવની ગતિ સુધારે

નમસ્કાર મહામંત્રની પ્રથમ મહત્તા એ છે કે એ વ્યક્તિના જીવન પર અત્યંત ઉપકાર કરનાર હોવાથી એને મહા ઉપકારી ગણવામાં આવે છે, કારણ કે એના વડે સમ્યગ્ જ્ઞાન અને સદ્બોધની પ્રાપ્તિ થાય છે.

આધ્યાત્મિકતાનો સૌથી ઊંચો આદર્શ આ નવકાર મંત્રમાં પ્રગટ થાય છે. દિવ્ય શક્તિથી વિભૂષિત એવો આ નવકારમંત્ર અચિંત્ય પ્રભાવ ધરાવે છે. હકીકતમાં આ નવકાર મંત્ર એ સાક્ષાત દેવતારૂપ છે.

નવકાર મંત્રનો બીજો કોઈ મહાઉપકાર એ છે કે તે આપણી ગતિ સુધારે છે એટલે કે તે આપણને નરક અથવા તિર્યંચગતિમાં જવા દેતો નથી. નવ લાખ જંપતા નરક નિવારે' વગેરે શબ્દો તેના પ્રમાણરૂપ છે.

દુર્ગતિમાં કેટલું દુઃખ છે? તે સ્વયં વિચારી લેવું. અહીં સંક્ષેપમાં એટલું જ કહી શકાય કે નરક એ અકલ્પ્ય દુઃખોનો ભંડાર છે અને તિર્યંચાવસ્થા પણ વિવિધ પ્રકારનાં દુઃખોથી ભરેલી છે, તેનું નિવારણ કરવું, એ કંઈ જેવો તેવો ઉપકાર નથી.

એક માણસને બાર વર્ષની સજા થઈ હોય અને કોઈ એને બ વર્ષનો ઘટાડો કરી આપે તો તેનો ઉપકાર માનવામાં આવે છે, ત્યારે આ તો લાખોથી પણ અધિક વર્ષપ્રમાણ નરક ગતિના દુઃખો તથા સેંકડો હજારો વર્ષપ્રમાણ તિર્યંચ ગતિનાં દુઃખો નિવારવાની ઘટાડી આપવાની વાત છે. તેનો ઉપકાર તો આપણે શબ્દોમાં માની જ ન શકીએ.

અહીં એટલી સ્પષ્ટતા કરવા ઈચ્છીએ છીએ કે નવ લાખનો જપ કરતાં નરક ગતિનું નિવારણ થાય છે, એમાં તો કોઈ શંકા જ નથી, પણ પ્રાણીઓના અંત સમયે જો આ મંત્રના અક્ષરો થોડીવાર પણ કાન પર પડે છે, તો યે તેમની ગતી સુધરી જાય છે. સમડી, ઘોડા, બળદ, સાપ વગેરેને છેલ્લી ઘડીએ નવકાર મંત્ર સંભળાવવાથી તેમની ગતિ સુધરી ગઈ, એવા અનેક દૃષ્ટાંતો જૈન શાસ્ત્રોમાં નોંધાયેલા છે.

આપણે મનુષ્યભાવ પામ્યા, તેમાં પણ આ નવકાર મંત્રનો જ મહા ઉપકાર કેમ ન હોય! સંભવ છે કે દુર્ગતિમાં રખડી રહેલા એવા આપણા આત્માએ તેનું અમુકવાર સ્મરણ કર્યું હોય કે છેલ્લી ઘડીએ તેના અક્ષરો સાંભળી તેમાં ચિત્ત પરોવ્યું હોય.

નવકાર મંત્રના આવા તો એક ઉપકારો છે. સાધક, આરાધક કે મુમુક્ષુ સહુ કોઈને એ જાણવાની ઈચ્છા હોય તે સ્વાભાવિક છે અને તેથી હવે પછી નવકાર મંત્રોના અન્ય ઉપકારને જોઈશું.

વસંતથી વેલન્ટાઈન તરફ

પ્રેમાધિકાર મેં રંગ સરબતો કા,

તું મીઠે ઘાટ કા પાની...

''હર ઘડી બદલ રહી હૈ જિંદગી કભી છાંવ હૈ કભી ધૂપ હૈ!

જિંદગી હર પલ યહાં જી ભરકર જીયો કલ હો ના હો.''

પ્રત્યેક ડાળીએ, કળીએ પાંદડે અને પાંખડીએ કેટલાય દિવસો સુધી સૂરજ, પવન અને પરમેશ્વર મળીને ઝીણું ભરતકામ કરે છે. ત્યાર પછી વસંતનું આગમન થાય છે. વસંત મનને સુંદર બનાવવાનો મોકો છે. જેનું મન સુંદર હશે એનું હૃદય પણ સુંદર હશે એવી વ્યક્તિ માટે વસંત એ બે માસની ઋતુ ન રહેતાં બાર માસની ઋતુ હશે. પ્રત્યેક સવાર એ વસંત છે. જીવનમાં શુભ વિચારોનો ઓક્સિજન શ્વાસમાં ભરવાનો અને અશુભ વિચારોનો કાર્બનડાયોક્સાઈડ બહાર કાઢવાનો. એક શાયરે ખૂબ કહ્યું છે કે, ''લિપટ કર ચુમ લેં ફુલોં કો બુલબુલ ચમન મેં ફીર બહાર આયે ન આયે.''

વસંતમાં કોયલ કોના માટે ટહુકા કરે છે. વરસાદમાં મોર કોના માટે નાચે છે. વરસાદમાં જ્યારે બધા દેડકાં એક સાથે ડ્રાઉ ડ્રાઉ ત્યારે બ્રાહ્મણો એક સાથે ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ કરતાં હોય તેવું લાગે છે. દરેક મોસમનો એક આગવો મિજાજ હોય છે.

ઋતુઓ ચોઘડીયા કે મુહૂર્તની મોહતાજ નથી હોતી. વસંતની ખુશો માણવા માટે ખુશમિજાજ વ્યક્તિત્વ જોઈએ. સૌંદર્ય સૃષ્ટિમાં નહી માણસની દૃષ્ટિમાં રહેલું છે. કેટલાકને મહેકતા ફૂલમાં સૌંદર્ય દેખાય છે. જ્યારે અન્ય કેટલાકને મહેકતા ફૂલમાં સૌંદર્ય દેખાય છે.

જ્યારે અન્ય કેટલાકને મધુલોભી ભમરામાં. માણસ એક સાથે કેટકેટલી ઋતુમાં જીવતો હોય છે. દાન કે પરોપકાર કરતી વખતે તેને ટાઢ વાય છે. ક્રોધ કરતી વખતે એ ગ્રીષ્મના બળબળતા બપોરનો અનુભવ કરે છે અને ભરચોમાસે એને પલળવાને બદલે કોરા રહેવાનું ગમે છે. દિલનો દરવાજો બંધ રાખનારને વસંતનો હક્ક ક્યાંથી મળે? ઋતુરાજ વસંત સોનેરી છે પણ એમને માટે જેનું હૃદય લોખંડી ન હોય. વસંત એટલે જ તાજગી, વસંત એટલે જ હૈયાની મહેક, વસંત એટલે જ સહજતા અને નિર્દોષતાની સાધના.

વસંત નવો સંબંધ બાંધવાની અને બગડેલો સંબંધ સુધારવાની ઋતુ છે. વસંત દૃષ્ટિને માંજવાનો અવસર છે. ફૂલને જોઈને આપણું મન કોમળ ન બને મનમાં થાણું જમાવીને પડેલી ઘૃણા કે તિરસ્કારની વૃત્તિ અકબંધ રહે તો તમે વસંતનો આનંદ ક્યાંથી માણી શકો? વસંતમાં શિયાળાની જમાવટ સોળે કળાએ ખીલી છે. શિશિર સર્વદિશાઓમાંથી સૂસવાટા બોલાવે છે. વૃક્ષ વનરાજીના પાંદડા સોનેરી થઈને પૃથ્વી પર અભિષેક કરી રહ્યા છે પરંતુ મનુષ્યની જિંદગી આડે પાટે ચડી ગઈ છે. વસંત ઋતુ એટલે કે સ્પ્રીંગ ઋતુમાં વૃક્ષ પણ પોતાના જૂના વસ્ત્રો ત્યજીને નવા વસ્ત્રો ધારણ કરે છે. ત્યારે યુવાધન પોતાના વ્યસ્ત જીવન તેમ જ વોટસઅપ, ઈન્સ્ટ્રાગ્રામ અને ફેસબુકમાંથી બહાર નીકળીને વસંતને માણવાનું અને જાણવાનું ચુકી જાય છે. આને વિટંબણા કહો કે બેફિકરાઈ, પણ જીવનની આજ વાસ્તવિકતા છે. રસ્તાઓ સાંજ પડે ને સન્નાટામાં ફેરવાઈ જાય છે. પંખીઓ થરથર કાંપતા માળામાં રાતવાસો કરવા છુપાયેલા છે. રાત્રિઓનું સૌંદર્ય તમરાઓનો અવાજ, જુઈ, ચંપો, ચમેલી રાતરાણીથી મઘમઘી રહ્યું છે પણ એનો સાક્ષાત્કાર તો કોઈ વિરલા જ કરી શકે.

વસંતમાં ગુજરાતના શિયાળાની સવારની રોનક કંઈ જુદી જ છે. દૂર અંતરિયાળ વિસ્તારમાં ફાર્મહાઉસ અને વાડીઓમાં પાપડી ઉંધીયાનો તાવો રોટલા અને રીંગણાનો ઓળો, ચુરમાના લાડુના કાર્યક્રમો મિત્રો–સગાંવહાલા ગોઠવે છે. ખેતરોની બહાર ગાડીઓના કાફલા ગોઠવાય છે. સેવકો તાપણાં કરતાં જાય છે. જેને શ્રીમંતાઈ સદી નથી અને વધારાનો રૂપિયો ઢોળાઈ જાય છે તેમની મહેફીલમાં બીનજરૂરી રસાયણો વગેરે ઉમેરાય જાય છે. સમજદાર કો ઈશારા કાફી જીવન એટલે આનંદ, ઉત્સાહ, પ્રેમ, સમર્પણ જીવવાનો હેતુ એ છે કે ઈશ્વર તરફથી જીવન રૂપે જે ભેટ આપણને મળી છે તેને યોગ્ય રીતે જીવીને સાર્થક બનાવીએ.

એક ક્ષણમાં થઈ ગયેલા પ્રેમની સમજવામાં ક્યારેક જીવન ભરનું આયખું પણ ઓછું પડે છે.

સંતના જેવો સ્થાયી સ્વભાવ આપણા બધાના હૃદયમાં કાયમી માળો બાંધીને કોયલની જેમ ટહુકા કરે. વસંતના સાનિધ્યે તમારી પતંગ હવામાં હરહંમેશ લહેરાતી રહે અને તેમાં કોઈ કંચીકોવા ન નાખે એજ વસંત પ્રાર્થના વસંતનો સંદેશ...

જય વસંત...!

તણખોઃ–

- પત્ની ત્યાં સુધી ક્યુટ છે જ્યાં સુધી એ જ્યુટ છે!
  પતિ હની હોય છે, જ્યાં સુધી તેની પાસે મની હોય છે.
- ઈસ જોડે કે સંસારકી સબકો ઈર્ષા આતી હૈ!
  ક્યોંકી પતિ બોલ નહીં પાતા ઔર પત્ની સુન નહીં પાતી હૈ.

શ્વાસને સાવ છુટા મુકી દઈએ! અને હવાની હવેલી ખોલી નાખીએ.

દિલીપ આર. પીપલીયા – ભૂતપૂર્વ પ્રમુખ –
જૈન જાગૃતિ સેન્ટર – જુનાગઢ

જૈન જાગૃતિ સેન્ટર - જામનગર (વેસ્ટ)

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના આય.પી. ચૅરમેન શ્રી રમેશભાઈ મોરબીયા, જામનગર સેન્ટરના પ્રમુખ શ્રી વિજયભાઈ મહેતા, સમસ્ત જૈન સંઘના પ્રમુખ શ્રી નીલેશભાઈ ટોલીયા, નવાનગર બૅંકના મૅનેજીંગ ટ્રસ્ટી શ્રી રમણીકભાઈ શાહ, પંચમ પસંદગી પરિચય સેતુ ૨૦૧૯ના નવકાર મંત્ર કરતા મહાનુભાવો

જૈન જાગૃતિ સેન્ટર - ચેમ્બુર

જેજેસી ચેમ્બુરના ઈન્સ્ટોલેશન કાર્યક્રમમાં જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના આય.પી. ચેરમેન શ્રી સંજયભાઈ શાહ ચૅરિટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્ર કોઠારી, સેન્ટ્રલ બોર્ડના વ્હાઈસ ચેરમેન શ્રી કિશોરભાઈ શેઠ, સેક્રેટરી જનરલ તથા ચેમ્બુર સેન્ટરના આય.પી. પ્રેસીડન્ટ શ્રી જયંતીભાઈ છાડવા, સેક્રેટરી શ્રી ઉદય સંઘવી અને શ્રી અનિલભાઈ દોશીએ હાજરી આપી હતી. નવા વરાયેલા પ્રમુખ શ્રી દિલીપભાઈ ડી. શાહને ચાર્ટર્ડ એનાયત કર્યું હતું.

જૈન જાગૃતિ સેન્ટર-વિલેપાર્લે ચૅરિટેબલ ટ્રસ્ટ

જેજેસીની માતૃસંસ્થા વિલે પાર્લે સેન્ટરે ૧૯૮૨ના વર્ષથી આરંભેલ ચેરીટેબલ ટ્રસ્ટે ઉત્તરોત્તર વિવિધ નોંધપાત્ર પ્રવૃત્તિઓ વિષે માહિતી આપતા સહર્ષ આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૯ દરમિયાન...

૩૨૦ જેટલાં જરૂરિયાતમંદ કુટુંબોને અનાજ રાહત આપીએ છીએ. વર્ષમાં ચાર વખત એટલે કે દર ત્રણ મહિને અનાજનું વિતરણ થાય છે. દર વખતે આશરે રૂા. એક હજારની અન્ન સામગ્રી વહેંચવામાં આવે છે. સવિશેષ ભેટ તરીકે સાડી, ટી શર્ટ, છત્રી, પ્રાસંગિક મિઠાઈ વિ. પણ આપવામાં આવે છે. સાથે સાથે જૂના પણ વપરાશ યોગ્ય કપડાં તથા ઈતર ઉપયોગી વસ્તુને ભેગી કરી વિતરણમાં સામેલ કરવામાં આવેલ છે.

૧૫૦ વિદ્યાર્થીઓને તેમની યોગ્યતા પ્રમાણે વાર્ષિક રૂા. ૨૦૦૦/-થી ૧૦,૦૦૦/- સુધી શિષ્યવૃત્તિ એનાયત કરાય છે. હાલ પુરતાં ધોરણ ૮થી ૧૨ના વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

૩૦ બહેનો જેમને સિવણકામ આવડતું હોય અને બહારથી કામ મેળવી આમદાની કરી શકે તેઓને સિલાઈ મશીન આપવામાં આવ્યાં, જેની સરેરાશ કિંમત રૂા. ૫૦૦૦/- રહી.

જરૂરતમંદ સાધર્મિક વ્યક્તિને મેડીકલ અથવા અન્ય સહાય.

નવી પ્રવૃત્તિઓ જેવી કે મેડિકલ સેન્ટર શરૂ કરવા વિચારણા.

મિત્રો, આ પ્રવૃત્તિઓને સાકાર કરવામાં જરૂરી સખાવત, ડોનેશન પર જ આધાર રહેલો છે. વર્ષ ૨૦૧૯ દરમ્યાન ઉદાર દાનવારો તરફથી રૂા. ૨૫ લાખનું ભંડોળ મળ્યું છે, જેમાં સવિશેષપણે રૂા. ૧૫ લાખની મોટી રકમ શ્રીમતી નલિનીબેન પ્રવીણભાઈ શાહ તરફથી અને અન્ય ઉદાર દાનવીરો શ્રી પ્રવીણભાઈ મગનલાલ મહેતા, શ્રી યોગેશભાઈ, રાજેશભાઈ કોઠારી, શ્રી દુષ્યંતભાઈ શાહ, શ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી ચંદુભાઈ દોશી, શ્રી દિનેશભાઈ ધોળકીયા અને શ્રી રાજેશભાઈ નાણાવટી વિ. તરફથી મળેલ છે.

પ્રત્યેક માનવંતા સભ્ય મિત્રો દાનવીરો તથા અન્ય દાતાશ્રીઓનો ટ્રસ્ટ ખૂબ ખૂબ આભાર માને છે.

સભ્ય મિત્રોને હૃદયપૂર્વક વિનંતી કરીએ છીએ કે તેઓ તેમની યથાશક્તિ ડોનેશન આપવાનું સુંદર કાર્ય અમલી બનાવે. સવિશેષ તેમનાં જન્મદિન અથવા એનીવર્સરી યા અગત્યના પ્રસંગે આપણા ટ્રસ્ટને જરૂરથી યાદ કરી તેમનાં આનંદને વધુ વિકસાવે અને અનેરો સંતોષ મેળવે.

જૈન જાગૃતિ સેન્ટર- સુરેન્દ્રનગર દ્વારા સૌ પ્રથમવાર આયોજિત સર્ચ લાઈફ પાર્ટનર(જીવનસાથી પરિચય મેળો)

સહર્ષ જણાવવાનું કે જૈન જાગૃતિ સેન્ટર-સુરેન્દ્રનગર સામાજિક અનેકવિધ કાર્યો કરે છે, જેનાથી આપ સર્વે વિદિત છો જ.

આ વર્ષે અમો સામાજિક કાર્યોની સૂચિમાં એક પીંછુ ઉમેરવા જઈ રહ્યા છીએ. આ કાર્યક્રમના સુરેન્દ્ર નગરના પ્રમુખ શ્રી દિનેશભાઈ વી શાહ સર્ચલાઈટ પાર્ટનર પ્રોજેક્ટના શ્રી નયનભાઈ શાહ તથા સર્વ કમિટી મેમ્બરો

જૈન જાગૃતિ સેન્ટર- મોરબી

તા. ૨૯-૧૧-૧૯ના રોજ સમગ્ર જૈન સમાજ માટે અડદીયા-ગુંદરપાક-બદામ પણ ઉત્તમ ક્વોલીટી આપી સ્વાદસભર અને કિફાયતી દરે વિતરણ કરવામાં આવેલ હતો. જે.જે.સી મોરબી-કમિટી મેમ્બરોની પુરજોશ મહેનત રહી અને બન્ને કાર્યકમોને અનહદ સફળતા પ્રાપ્ત થયેલ.

જૈન જાગૃતિ સેન્ટર મોરબી પ્રમુખશ્રી જિતેન દોશીની અપાર મહેનત રંગ લાવી હતી. તમામ કમિટી મેમ્બરોનો પૂર્ણ સહકાર પ્રાપ્ત થયેલ હતો.

જૈન જાગૃતિ સેન્ટર- બિલીમોરા

જેજેસી બીલીમોરા ના ઈન્સ્ટોલેશન કાર્યક્રમમાં જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના વાઈસ ચેરમેન શ્રી વિનોદ ધોકા, સેન્ટ્રલ બોર્ડના ટ્રેઝરર શ્રી પ્રફુલ મહેતા તથા વાપી સેન્ટરના પ્રમુખ જીગ્નેશ ભાયાણી તથા બિલીમોરાના ફાઉન્ડર પ્રેસીડન્ટ શ્રી અમીતભાઈએ હાજરી આપી હતી.

નવા વરાયેલા પ્રમુખ શ્રી મુકેશભાઈ મહેતાને ચાર્ટર એનાયત કર્યું હતું.

જૈન જાગૃતિ સેન્ટર- પાટણ

પુરબહારમાં ગુલાબી ઠંડી યૌવનના તાલમાં હોય, તેને વધાવવાનો સોનેરી અવસર હોય... અને તેમાં ઉમેરો થાય પદગ્રહણવિધિ પ્રસંગનો... ત્યારે... એક નવા જ ઉત્સાહ-તરવરાટનો સંચાર થાય... એવા સમયે ચોવીસ વર્ષની સફળતા મંઝીલ પરિપૂર્ણ કરી યુવાવસ્થાના ૨૫માં વર્ષમાં પ્રવેશ સમયે જૈન જાગૃતિ સેન્ટર, પાટણના વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે નવીન વરાયેલા પ્રમુખ શ્રી બિરજુભાઈ પી. શાહ અને કારોબારી સમિતિના હોદ્દેદારોને જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરમેન શ્રી પ્રફુલભાઈ તેમને અભિનંદન પાઠવે છે.

જૈન જાગૃતિ સેન્ટર- જૂનાગઢ લેડીઝ વીંગ

જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વીંગ જુનાગઢ દ્વારા ૨૦૨૦નો પ્રથમ પ્રોગ્રામ દીવસીમરની ટ્રીપથી કરેલ હતો. ઘણા મેમ્બરોએ આ ટ્રીપમાં ભાગ લીધેલ હતો. અને બીજો પ્રોગ્રામ ''વુમન્સ ડે''ને ધ્યાનમાં લઈને બોર્ડની એક્ઝામ આવતા અમે આ પ્રોગ્રામ ફેબ્રુઆરીમાં આપેલ અને આ પ્રોગ્રામમાં ''નારીશક્તિ''ના ટોપીક ઉપર સ્પીચ કોમ્પીટીશન રાખેલ હતું. જેમાં ઘણા મેમ્બરોએ ભાગ લીધેલ હતો અને અમારા આ પ્રોગ્રામ પ્રમુખ અમીશી ગાંધી મંત્રી સોનલ અવલાણીની સંપૂર્ણ ટીમની મહેનતથી ખૂબ સફળ રહેલ હતા.

જૈન જાગૃતિ સેન્ટર- માંડવી

જૈન જાગૃતિ સેન્ટર માંડવી દ્વારા પ્રથમ વાર ઐતિહાસિક સતત ૧૪ કલાક આખા દિવસનો કાર્યક્રમ સિનિયર સીટીઝન જૈન ભાઈ-બહેનો માટે યોજાતો તેમાં ૧૭૫ જેટલા ૬૦થી ૮૦ વર્ષ સુધીના લોકો જોડાઈને જુદા જુદા કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. સવારની નવકારશી બાદ રજીસ્ટ્રેશન સાથે જૈન પુરીના એસી. હૉલમધ્યે જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી તથા માડંવી સેન્ટરના આય.પી. પ્રેસીડન્ટ શ્રી ભાવીનભાઈ શાહ તથા સર્વ કમિટી મેમ્બરો દિપ પ્રાગટ્ય કરેલ છે. દિપ પ્રાગટ્ય દ્વારા મંગલાચરણમાં આગેવાનો જોડાયા હતા.

તા. ૧૪ જાન્યુઆરી ૨૦૨૦ને મંગળવારના રોજ ઉતરાયણ નિમિત્તે આપણા સેન્ટર દ્વારા હંમેશની જેમ 'પતંગોત્સવ' પ્રોજેક્ટનું આયોજન કરેલ હતું.

૨૬મી જાન્યુઆરી ૨૦૨૦ને રવિવારના રોજ ૭૧મા પ્રજાસત્તાક દિન નિમિત્તે આપણા સેન્ટર દ્વારા હંમેશની જેમ 'ધ્વજવંદન' પ્રોજેક્ટનું પણ આયોજન કરેલ હતું.

જેજેસીના દરેક સેન્ટર વતી ૨૦૨૦-૨૧ની જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓનો સન્માન સમારોહ

જેજેસી સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરમેન શ્રી પ્રફુલ વી. કામદારના નેજા હેઠળ ૨૦૨૦-૨૧ની વરણી થયેલ નવી કેબિનેટ કમિટી

જેજેસી નોર્થવેસ્ટ પ્રમુખ, ઘાટકોપરના પૂર્વ ગારોડીયા નગરના નગરસેવક અને અને ઘાટકોપર પૂર્વ વિધાનસભા મતદાર ક્ષેત્રના મહાયુતીના ઉમેદવાર શ્રી પ્રરાગભાઈ શાહ ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી પ્રફુલ વી. કામદાર, જિતેન્દ્ર એસ. કોઠારી તથા સંજય બી. શાહ

જેજેસી મીરા-ભાઈંદર પ્રમુખ નગરસેવિકા અને વિધાનસભા મતદાર ક્ષેત્રના અપક્ષ ઉમેદવાર શ્રીમતી ગીતાબેન જૈન અને ભરતભાઈ જૈન ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી કિશોર શેઠ, હર્ષદ ગાંધી, પ્રવીણભાઈ શાહ જયંતીભાઈ છાડવા

પુલવામાનાં (હિમાચલ પ્રદેશ અને ઓરિસ્સા) શહિદ થયેલ જવાનોના પરિવારજનોને સાત સાત લાખનો ચેક અર્પણ કરતા મહાનુભાવો

અખિલ ઘાટકોપર ગુજરાતી

૧૫ થી વધારે સંસ્થાઓ ના સ

MAIN SPONSORS

R City SO MUCH AWESOME

RUNWAL With you, always...

બાળકો માટે ભવ્ય એમ્યુઝમેન્ટ પાર્ક

અંદાજે ૧૦,૦૦૦ થી વધુ સભ્યો અને સભ્ય મહેમાનો ની હાજરી

સુંદર સ્ટોલ સજાવટ માટે આકર્ષક ઈનામો

આનંદ મેળા માં ૨૦૦ થી વધુ સ્ટોલ્સ

સ્વાદ શ

ભવ્યાતીભવ્ય વિશાળ ફનફેર ૨૦

સ્થળ : આચાર્ય અત્રે મૈદાન,પંતનગર,ઘ

સહયોગી સંસ્થાઓ

જેજેસી નોર્થઈસ્ટ,નોર્થ વેસ્ટ,જેમ જગડુશા,રોયલ જગડુશા,ઘાટકોપર,ચેમ્બુર,પિંક પ

લેડીઝ વિંગ મુંબઈ ઈસ્ટ,નવી મુંબઈ,નેરૂલ,પનવેલ,મુલુંડ,પ્રગતી સોશ્યલ ગ્રુપ

કાઠીયાવાડ જૈન સોશ્યલ સેન્ટર,ધ બિલ્ડીંગ મટીરીયલ એસો.ઘાટકોપર,ઝાલા

CO-SPONSORS

RAJSHREE BUILDERS — NEELYOG — SHUBHAM GROUP — oneup furnishing dream-house — KAMLESH CATERERS

કન્વીન

આનંદ મેળા માં સ્ટોલ્સ લેવા
વધુ વિગત માટે સંપર્ક જેજેર

Advt.

રાતી મહાજન : જૈન જાગૃતી સેન્ટર

ો ના સહયોગથી સંયુકત ઉપક્રમે આયોજીત

FUN FAIR 2020

૦૦ અને હાજરી

વિશાળ પટાંગણ પારિવારીક વાતાવરણ માં મોજીલો મેળાવો

સભ્યો માટે રૂ.૧૦૦/- ની કુપન ફ્રી

સ્વાદ શોખિનો માટે વાનગીઓની રસલ્હાણ અને

ફન લવર્સ માટે રમત ગમત ની મોજ કરાવતો મેળો....

ફેર ૨૦૨૦ રવિવાર તા.૮.૩.૨૦૨૦ સમય સાંજે ૪.૦૦ કલાકે થી

નગર,ઘાટકોપર(પૂ),મુંબઈ

BIGGEST FAIR OF HIGHEST SHOPPING & FUN

બુર,પિંક પંતનગર,ગોલ્ડન ગારોડિયા,ભાંડુપ વિક્રોલી,
શ્યલ ગ્રુપ,કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ,સહિયર,
પર,ઝાલાવાડી સ્થા.જૈન મંડળ ઘાટકોપર,આવકાર.

MEDIA PARTNER

કન્વીનર : રમેશ જે.મોરબીયા

સ્ટોલ્સ લેવા ઈચ્છુક સભ્યોએ જેજેસી સેન્ટર ઓફિસ માં સંપર્ક કરવો.
ાટે સંપર્ક જેજેસી સેન્ટર ઓફિસ:૨૫૦૧૦૪૨૦/૮૩૬૯૬૪૨૪૯૭

Advt.

૨૦૨૦ની રજાની મજા માણો URVI TOURS સાથે...

SOUTH AFRICA



(13 Night 14 Days)
Feb: 09*, 22* | March: 07*, 20*
April - May - June :
every 2 days departure

ICELAND



(9 Night 10 Days)
Sep, Oct, Nov Bookings Open
Honeymoon tours also available.

ARCTIC



(10 Nights 11 days)
Feb : 23, March: 5,12
Igloo stay, Ice Hotel,
Northern Lights Tour and more

JAPAN

(9 Nights 10 days)
March : 25, 31
April : 2, 4, 10

ALASKA CANADA

(19 Nights / 20 days)
May : 13, 20
June : 9

TURKEY

(11 Nights 12 days)
April : 7,19,24,28
May : 2,6,10,14,18,22,26,30
June : 3,7,15

SCANDINAVIA



(14 Nights 15 days)
May : 1, 15 & 24*

NEW ZEALAND



(13 Night 14 Days)
Feb: 25 Full, April : 25
May : 09, 24

LONDON SCOTLAND

(12 Nights 13 Days)
May : 2nd & 15th
All meal in local Indian Restaurant

EUROPE

(12 Nights / 13 days)
April : 18 , May : 1
Europe Tour with Kitchen Caravan

CENTRAL EUROPE



(11 Nights 12 Days)
May : 2, 15, 28

USA



(21 Nights 22 days)
April : 24 May: 15
All meal in local Indian Restaurant

- ૪/૫ સ્ટાર હોટલમાં ઉતારો
- વર્લ્ડ ક્લાસ એરલાઈન્સ દ્વારા મુસાફરી
- ઈન્સ્યોરન્સ, ટીપ્સ ટુરકોસ્ટમાં સામેલ.
- કોઈપણ છૂપા ખર્ચ નહીં

આપણા મહારાજ
દ્વારા બનાવેલ
સ્વાદિષ્ટ ભોજન

URVI TOURS®
where U & V meet to create memories...

1, Palm View, Lakhamshi Napoo Rd., Near Swami Narayan Temple,
Opp. Vidyalankar Class, Dadar (E).

022-2413 2281
022-2413 2282
022-2413 2283
09892720353

For more details, videos & review visit
facebook
Urvi Tours

info@urvitours.com | www.urvitours.com

BINITA SATISH MARU : 98690 34162
Advt.

હાઈ કોર્ટે પ્રોબેટ આપ્યું હોય તે પછી તેને પડકારી શકાય નહીં

કિશોર એમ. શાહ - સૉલિસિટર

વિલ હોય તો પ્રોબેટ લેવું પડે છે અને વિલ ન હોય તો લેટર્સ ઑફ ઍડમિનિસ્ટ્રેશન લેવું પડે છે. વિલના એક્ઝિક્યુટરે પ્રોબેટ મેળવવા માટે હાઈ કોર્ટમાં અરજી કરવી પડે છે. મિલકત તો રૂા.૧૫ લાખથી વધારે કિંમતની હોય તો રૂ. ૭૫,૦૦૦ કોર્ટ ફી ભરવી પડે છે. કોઈ કારણસર એક્ઝિક્યુટર હયાત ન હોય તો વિલનાં જે બેનિફિશિયરી હોય તે પણ પ્રોબેટને માટે અરજી કરી શકે છે. પ્રોબેટની અરજી સાથે વિલની મૂળ નકલ કોર્ટમાં આપી દેવી પડે છે. પ્રોબેટની અરજી કરતાં પહેલાં જ વિલની ઝેરોક્ષ પર થોડી કોપી પર નોટરીવાળી સર્ટિફાઈડ ટ્રુ કૉપી કરાવી લેવી જોઈએ, કારણ કે વિલની મૂળ કોપીના આધારે પ્રોબેટ મળી જાય તો કોઈ પણ સંજોગોમાં મૂળ વિલ પાછું મળતું નથી.

પ્રોબેટની અરજી ફાઈલ કર્યા પછી

પ્રોબેટ એ એક પ્રકારનો હાઈ કોર્ટનો ઑર્ડર છે, જે સર્વમાન્ય ગણાય છે. વિલના એક્ઝિક્યુટરને પ્રોબેટ મારફત જ વિલનો અમલ કરવાની સત્તા મળે છે. વિલમાં જે પ્રમાણે લખાયું હોય તે પ્રમાણે પ્રોબેટ ટાઈપ થઈને આવે છે, તેથી હાઈ કોર્ટ પ્રોબેટની અરજીની સાથે વિલની મૂળ નકલ લઈ લે છે, જે પ્રોબેટમાં વિલ પણ લખાઈને આવે છે. પ્રોબેટની અરજી કર્યા પછી ઘરના દરેક સભ્યોની મંજૂરીવાળી એફિડેવિટ કરવી પડે છે. આ કન્સેન્ટ એફિડેવિટમાં એવું લખવું પડે કે પ્રોબેટ માટે અરજી કરનાર એક્ઝિક્યુટરને પ્રોબેટ મળે તો તેમને વાંધો નથી.

કન્ટોન્ટ એફિડેવિટ ન મળે તો શું થાય?

પ્રોબેટની પિટિશન કર્યા પછી વિલના જે બે સાક્ષી હોય તેમણે પણ એવી એફિડેવિટ કરવી પડે છે. વિલ કરનારે સહી કરી ત્યારે તેઓ હાજર હતા અને તે બન્નેની હાજરીમાં વિલ કરનારે વિલની સહી કરી હતી. વિલ કરનારે પોતાની રાજીખુશીથી સહી કરી છે અને કોઈના દબાણ હેઠળ સહી કરી નથી. પ્રોબેટની અરજીમાં બન્ને સાક્ષીની સહી હોય તો વધારે સારું. કોઈ કારણસર બેમાંથી એક સાક્ષી એફિડેવિટ કરી શકતો ન હોય તો એક એટેસ્ટિંગ વિટનેસથી પણ પ્રોબેટ મળી શકે છે. આ કારણસર વિલમાં બેમાંથી એક સાક્ષીની ઉંમર નાની રાખવી હિતાવહ છે. ઘણી વખત એવું બને કે વિલ કરનારના મરણ પહેલાં તેના સાક્ષીનું અવસાન થઈ જાય છે. વિલના જે સાક્ષીને વિલ વાંચવાનો અથવા વિલની કોપી રાખવાનો હક્ક નથી તેમની જવાબદારી ફક્ત એટલી જ કે જેણે વિલ કર્યું હોય તે વખતે તેઓ સાક્ષી તરીકે હાજર હતા અને વિલ કરનાર વ્યક્તિએ તેની તબિયત સારી હતી ત્યારે સમજી-વિચારીને વિલ ઉપર સહી કરી છે.

પ્રોબેટની અરજી કર્યા પછી પરિવારના સભ્યોએ કન્સેન્ટ એફિડેવિટ કરવી પડે પ્રોબેટ ઉપર પરિવારના સભ્યોની સહી મળે નહીં તો શું?

પ્રોબેટની અરજી પછી કુટુમ્બના દરેક સભ્યોની કન્ટોન્ટ એફિડેવિટ ફાઈલ કરવી પડે છે. આ એફિડેવિટ મળે નહીં તો કોર્ટ એ એક નોટિસ ઈસ્યુ કરે છે જેને સાઈટેશન કહેવાય છે. સાઈટેશનમાં તે પ્રમાણે લખ્યું હોય છે કે વિલના એક્ઝિક્યુટરે પ્રોબેટની પિટિશન કરી છે અને તે પ્રોબેટ આપતાં પહેલાં જો તેમને કોઈ પણ વાંધો હોય તો તે કેવીએટ ફાઈલ કરી શકે છે. કેવીએટ એટલે એક જાતનું ઓબ્જેક્શન છે કે શું કામ એક્ઝિક્યુટરને પ્રોબેટ ન આપવું? કેવીએટ ફાઈલ થાય એટલે પ્રોબેટની અરજી ટેસ્ટામેન્ટરી પિટિશનમાં બદલાઈ જાય છે, કેવીએટ ફાઈલ કર્યાના સાત દિવસમાં તેને એફિડેવિટ ઈન સપોર્ટ ઑફ કેવીએટ ફાઈલ કરવી પડે છે કે પ્રોબેટ આપવામાં તેમને કઈ જાતનો વાંધો છે. કેવીએટ માન્ય રાખવું કે ન રાખવું તે કોર્ટની મરજી છે. આ કારણોસર પ્રોબેટની અરજી કરતાં પહેલાં પરિવારના દરેક સભ્યો કન્સેન્ટ એફિડેવિટ આપવા તૈયાર છે કે નહીં તે પાકું કરી લેવું. વિલના બંને સાક્ષીઓ એફિડેવિટ કરવા તૈયાર છે કે નહી તેની પણ તૈયારી કરી લેવી.

પરિસ્થિતિની મુલવણી એટલે... વ્યક્તિની પારાશીશી



❑ મિત્તલ પટેલ ''પરિભાષા''

સમયને સમયાંતરે તરાજુ પર રાખી,
ખુદને ત્રાજવાના કાટલા બનાવી.
સમતુલા જે જાળવી શકે તે જ જીવી શકે છે,
એક બેલેન્સ લાઈફ.

કેટલાક લોકો કેરીયરમા ખુબ આગળ વધેલા હોય છે પરંતુ સોશિયલ લાઈફ ઝીરો થઈ ગયેલી હોય છે. કેટલાક લોકો સામાજીક રીતે ખુબ એક્ટીવ રહેતા હોય છે. સામાજીક મેળવવામાં નિયમિત જવું. હમેશા મિત્રોથી ઘેરાયલું રહેવું, પણ તેની પર્સનલ લાઈફ એકદમ વેરવિખેર થઈ ગયેલ હોય છે. કેટલાક લોકો ફેમીલી જોડે ફરવામાં, એન્જોય માત્ર કરવામાં એટલા ડુબી ગયેલ હોય છે કે મહેનત કરી કરીયર બનાવવાનો જે સમય હોય તે જતો રહે છે અને ક્વોલીટી ઓફ લાઈફ જીવવામાં પાછળ રહી જાય છે.

આ બધાનું માત્ર એક જ કારણ છે 'બેલેન્સ લાઈફ' જીવવાનો અભાવ.

હરરોજ આપણી સમક્ષ અનેક પરિસ્થિતિ સંજોગો, ઘટાઓ ઉપસ્થિત થાય છે આ બધાને કઈ રીતે ટેકલ કરવું. ''પ્રાયોરીટી કોને આપવી? તે નક્કી કરવાનું ને આ રીતે યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિને યોગ્ય વસ્તુને પ્રાયોરીટી આપીને જીવન જીવવું સૌથી વધુ મહત્વનું છે. તે તમારા જીવનનું બેલેન્સ કરે છે. તમારા જીવનની પારાશીશી નક્કી કરે છે. તમે સાચા અર્થમાં આત્મસંતોષ અને ખુશીથી જીવી શકો છો. જીવનમાં આવતા મોટા મોટા ''ભુકંપો'' સામે ટકી શકો છો. પસ્તાવાનું ઝરણું તમને અડતું નથી. નહીતર ઘરનુ કોઈ વ્યક્તિ ગંભીર, માંદગીમાં પટકાયા બાદ ખ્યાલ આવે કે જો આમની સામે થોડોક સમય વિતાવવાનું તો રહી ગયો. હવે ક્યારે જીવી શકાશે આમની જોડે! કરોડો રૂપિયા કમાતા હોઈએ પણ પત્નિ સાથે કોઈ આત્મિયતા લાગણી પ્રેમ ન હોય તો એ ખાલીપાને લઈને કરોડો રૂપિયાનું કરવાનું શું?? સામાજીક રહેવામાં એટલા મશગૂલ થઈ ગયા કે બાળકોની કાલીઘેલી વાતો સાંભળવા કે ભાગવવામાં સમય ન આપી શક્યા તો જ્યારે મોટા થઈ તમને સાંભળવા કે સાચવવાવાળું કોઈ નહી હોય ત્યારે કોઈ સમાજ સાથે નહી આવે.

પરિસ્થિતિનિ મુલવણી અને તેનો
તાગ મેળવી જે વર્તી શકે તેજ સુખી થઈ શકે...

Don't be too much Judgemental

આપણે હંમેશા કોઈ પણ પરિસ્થિતિ કે વ્યક્તિને તરત જજ કરી લઈએ છે. આને આવું કર્યું એટલે તે વ્યક્તિ આવી જ હશે. કદાચ તેની પરિસ્થિતિ અલગ હોઈ શકે. આપણે જે એંગલથી જોઈએ છીએ તેવું સાચું

ન પણ હોય...પણ કાંઈ ઊંડા ઉતરતા નથી. અને આ આદતને લીધે આપણે આપણા જીવનમાં ખુબ જ મહત્વની વ્યક્તિઓને કાયમ માટે ગુમાવી દેતા હોઈએ છીએ.

થોડીક ધીરજ રાખી ગુસ્સો અને અહમ્‌ને સાઈડ પર મુકી તે વ્યક્તિ પોતાની છે. અને તે પણ માણસ છે. સર્વગુણ સંપન્ન તો નથી. તેનો હેતુ, નિયત પરિસ્થિતી સમજવાનો પ્રયત્ન કરીએ તો ઘણા સંઘર્ષ, ગેરસમજ ટાળી શકાય અને પોતાની વ્યક્તિ જોડે સુખેથી જીવી શકાય.

જીવનની લાઈફલાઈનમાં ઉતારચઢાવ દરેકની જીંદગીમાં આવતા હોય છે જ્યારે સારો સમય આવે ત્યારે બધા જ પોતાની ફેવરમાં છે હું ઈચ્છું છું તેવું જ થાય છે. એવું ફીલ થાય છે જ્યારે ઉતારના સમયમાં કશુ પોતાના વિચાર મુજબ થતું નથી ત્યારે માણસ નેગેટીવ બની જતો હોય છે મારી સાથે જ બધું ખરાબ થાય છે. બધા સંબધીઓ સ્વાર્થી છે. સારા સમયમાં તો બધા ખુશ રહી શકે.

સમય વિપરીત હોઈ શકે ખરાબ નહી

તે વિપરીત સમયમાં તમે પોઝીટીવીટી જાળવી શકો વ્યક્તિને પરિસ્થિતિને હકારાત્મક પાસાને જોવાનો દ્દષ્ટિકોણ જાળવી શકો. તકલીફો, મુશ્કેલીઓ એ શારીરીક હોય, માનસીક હોય, પોતાના ઈમોશન સાથે જોડાયેલ હોય કે સંબંધની સાથે ‘‘જે થશે તે સારા માટે જ થશે’ આ નાની, ને સીમ્પલ પણ ખૂબ જ મહત્વની વિચારધારા મનમાં દ્દઢ કરી વર્તી શકે, ખુશ રહી શકો તો જ તમે જીવનના આ સંગ્રામમા સરળ થઈ શકો માત્ર ધંધા નોકરીમાં જ નહી, દરેક બાબતમાં સંબધ સાચવવામાં, બાળકો માટેની ફરજમાં સ્વ સાથે સંતોષથી જીવવામાં પણ...

ગૂંચવું ગુચવાયેલું લાગે જો
બધુ ખોરવાયેલું લાગે જો...
‘જેવું છે તેવું છે મારું’ તેમાં
સારું છે તે જોજે તું..
ખટકે મનને તેવું નવ કરજે તું...
જાત સાથે સાવ સાચું બનજે તું...

- સાભાર સર્જનહારમાંથી

એક નિશાચર શિકારી પક્ષી ઘુવડ

ઘુવડ અનેક પક્ષીઓમાંનું એક છે જેને વાતાવરણ બિહામણું અને દિલધડકનવાળું દર્શાવવા માટે ચિત્કાર સાથે પડદ ઉપર એક છેડેથી બીજે છેડે ઊડતું દર્શાવાય છે. ઘુવડ એ વહેમ અને અંધશ્રદ્ધાની માન્યતાઓથી ઘેરાયેલું છે. ઘુવડને સમાજમાં મૂર્ખતાનું પ્રતીક પણ માનવામાં આવે છે. જ્યાં જુઓ ત્યાં તેને માટે વ્યંગાત્મક શબ્દોના પ્રયોગ કરાય છે પણ પ્રશંસાનો એકપણ શબ્દ વાપરવામાં આવતો નથી, પરંતુ ન્યાયપૂર્ણ રીતે જોવામાં આવે તો ઘુવડ મશ્કરી અને શિકાયતને પાત્ર નહીં પણ પ્રશંસાને પાત્ર એક નિશાચર પક્ષી છે. ઘરની આસપાસ ઘુવડ બોલે કે તે ઘરમાં આવી જાય તો તે અશુભ મનાય છે. નવલકથાઓમાં પીંઢારાઓ રાત્રે ચીબરી (ઘુવડ) ચિત્કાર કરે તો તેને શુકનિયાળ ગણતા અને ચીબરીના બોલે તેઓ લૂંટફાટ કરવા નીકળતા, તો પીંઢારાઓને સારો શિકાર મળે તેવી માન્યતા હતી. ભારતવર્ષમાં આદિકાળથી ઘુવડને લક્ષ્મીનું વાહન માનવામાં આવે છે. પ્રાચીન યુનાનનાં તેને સરસ્વતીનું વાહન મનાય છે. જોકે આજે પણ બંગાળમાં ઘુવડને ઘરમાં રાખવું શુભ મનાય છે કહેવાય છે કે ઘુવડ ઘરમાં આવે તો તેની પાછળ લક્ષ્મી આવવાની પૂર્વ સૂચના છે.

ઘુવડ દિવસ દરમિયાન વૃક્ષોની ઘટાઓમાં લપાઈને બેસી રહે છે. સૂર્યાસ્ત થતાં અંધારું ઉતરી આવે તે સમયે તે બહાર નીકળી આવે છે અને એક ડાળી ઉપરથી બીજી ડાળી પર ઉડવા લાગે છે. અન્ય પક્ષીઓની માફક ઘુવડની આંખો ચહેરાની બાજુ ઉપર નથી પણ માણસની માફક ચહેરાની સામેની બાજુએ છે. ઘુવડની આંખ મોટી અને ગોળ હોય છે. પાછળ જોવા માટે ઘુવડે શરીરને ફેરવવું નથી પડતું પણ ગરદનને આસાનીથી ફેરવીને જોઈ શકે છે. ઘુવડના

સપાટ ચહેરા ઉપર એકબીજાથી દૂર ગોઠવાયેલી આંખથી તે ૭૦ (સિત્તેર અંશ) જેટલા વિસ્તાર ઉપર તેની નજર રાખી શકે છે અને તે અંતર માપવાની આગવી સૂઝ પણ ધરાવે છે. ઘુવડની નજર તેજ હોય છે. ઘુવડ એક સાદી મીણબત્તીના પ્રકાશમાં, મીણબત્તીથી ૪૦૦ મીટર દૂરના પદાર્થને પણ સ્પષ્ટ જોઈ શકે છે. આટલા પ્રકાશમાં માનવીની આંખો કાંઈપણ જોઈ શક્તી નથી આમ ઘુવડની આંખ માનવીની આંખો કરવા ૧૦૦ ગણી શક્તિશાળી છે. ઘુવડની શક્તિશાળી દૃષ્ટિ તેની મોટી આંખો અને રેટિનાથી તેની આંખોમાં કીકીથી વધુ નજદીક હોવાને આભારી છે.

ઘુવડના કાનની બનાવટ અન્ય પક્ષીઓ કરતાં જુદી હોય છે. ઘુવડના કાન મોટા અને ખુલ્લા હોય છે જ્યારે બીજા પક્ષીઓના કાન નાના અને વાળથી ઢંકાયેલા હોય છે. ઘુવડના કાન મોટા અને ખુલ્લા હોવાથી તે નાનામાં નાનો અવાજ પણ આસાનીથી સાંભળી શકે છે અને શિકારને પણ સહેલાઈથી શોધી શકે છે.

શિકાર માટે ઘુવડ વૃક્ષ પર બેસી તેની તીક્ષ્ણ દ્રષ્ટિથી ધ્યાન રાખે છે. ઘુવડ તેની દૃષ્ટિ અને શ્રવણ શક્તિથી ઉંદરની ઝીણી સિસોટી જેવા અવાજ કે પાંદડા ઉપર ભમરાના સરકવાના અવાજ ૧૦૦ ગજ દૂરથી સાંભળી શકે છે. એકવાર ઘુવડે તેના શિકારની નોંધ લીધી કે તુરત તેની બેસવાની જગ્યાએથી શિકાર ઉપર તરાપ મારે છે. તે ઊડે ત્યારે તેની પાંખોનો ઉડવાના થતા અવાજ દબાવી દે છે અને તેના પગ ઘણા મુલાયમ હોય છે. આથી ઘુવડ શિકારને પકડે ત્યાં સુધી શિકારને પૂર્વાભાસ થતો નથી. ઘુવડ તેના શિકારને ટુકડા કરીને ખાતું નથી પણ તેને આખો ને આખો ગળી જાય છે.

ઘુવડ તેના ખોરાકમાં નાના પ્રાણી કે પક્ષીને લે છે. ઘુવડ ઉંદર, ગરોળી, સાપ, ખિસકોલી, સરીસૃપ, માછલી, કરચલા, દેડકા વિગેરેને આરોગે છે. ઘુવડને ખેડૂતનો મિત્ર ગણવો જોઈએ કારણ કે ઉંદરો એક યા બીજી રીતે તેના તીક્ષ્ણ દાંતથી જે કાંઈ આવે તેને કોતરી ખાય છે. ઉંદરો અનેક રોગ પણ ફેલાવે છે અને તેની સંતાનોત્પત્તિ બહુ વેગીલી હોય છે, એટલું જ નહિ પણ તેને કારણે અનેક રોગોનો ફેલાવો થાય છે. આથી ઘુવડના કારણે આ સર્વે બાબતોનું કુદરતી રીતે સમતોલન થઈ જાય છે.

ઘુવડ કોઈપણ શિકારી પક્ષીનો મુકાબલો કરી શકે તેટલું મજબૂત છે. બાજ અને ગરુડ જેવા શિકારી પક્ષીઓ પણ ઘુવડથી દૂર રહે છે. સામાન્ય પક્ષીમાં કાગડા ઘુવડના દુશ્મન છે. કાગડા સમાજવાદી હોવાથી એક સાથે અનેક કાગડા મળીને ઘુવડ ઉપર તૂટી પડે છે તેથી ઘુવડ તેમનાથી દૂર રહે છે.

દુનિયાભરમાં ૧૩૩ જાતના ઘુવડ જોવા મળે છે. તેમાંથી ગુજરાતમાં તો ૫થી ૬ જાતના ઘુવડ જોવા મળે છે. દરેક જાતના ઘુવડનું કદ જુદું હોય છે. આમાં નાના ઘુવડનું કદ ૧૩ થી ૧૪ સે.મી. હોય છે જ્યારે મોટા ઘુવડનું કદ ૫૫ સે.મી.થી પણ વધુ હોય છે. ઘુવડને તેના જાત પ્રમાણે અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે. દા.ત. ગિરનારી ઘુવડ (The mottled Wood owl) રેવીદેવી ઘુવડ (The Short Earned Owl) ઘુવડ (The Indian Barn owl), ચીબરી (The Spotted ownlet), વિગેરે. અલગ અલગ પ્રકારના ઘુવડ ત્રણ જુદી જુદી રીતે શિકાર કરે છે. ઘણા ઘુવડ ઊંચા સ્થળે બેસીને નીચેની હિલચાલ પર નજર રાખે છે. નીચે શિકાર નજરે પડે કે તુરત તે તરાપ મારે છે અને શિકારને ઝડપી લે છે. કેટલાક ઘુવડ જમીનથી એક બે મીટર ઉંચ ઉડ્યા કરે છે અને શિકાર નજરે પડતા તે ઝડપી લે છે. એવા પણ ઘુવડ છે કે જે ઉડતા ઉડતા હવામાંથી વાતો આરોગી જાય છે.

ઘુવડ દિવસ દરમ્યાન વૃક્ષની ઘટાઓમાં છૂપાઈ રહે છે અને તે સમયગાળામાં તે ઉડાણ નથી ભરતું, આમ છતા જીવદયા ટ્રસ્ટના ઉત્તરાયણ પક્ષી બચાવો અભિયાન દરમ્યાન ૧૫થી ૨૦ બાર્ન આઉલ સમયાંતરે સારવાર માટે ટ્રસ્ટમાં આવે છે. હકીકતમાં આ ઘુવડ અંધારું ઢળતા ઉડાણ ભરતાં સમયે વૃક્ષમાં ભરાઈ રહેલ દોરીમાં ફસતા ઈજાગ્રસ્ત થાય છે અથવા તો મોડી સાંજના ઉડાણ ભરતા પતંગની દોરીથી ઘાયલ થાય છે. જીવદયા ટ્રસ્ટમાં સારવાર માટે આવેલ બાર્ન આઉલ સ્વસ્થ થતા તેમને અંધકાર ઉતરી આવે જંગલમાં ઘટાવાળા વૃક્ષોના વિસ્તારમાં જ મુક્ત કરવામાં આવે છે.

હૈયામાં 'હામ' અને ખિસ્સામાં 'દામ' હોવા છતાં આજનો માનવી અસંતુષ્ટ (Upset) કેમ?

❑ ચંદ્રેશ પારેખ

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે, હે અર્જુન તું મને તારું મન આપ, મારામાં તારું મન પરોવ, હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, પણ ખરેખર આપણે શું કરીએ છીએ ? આપણું સૌનું મન ભૌતિક પદાર્થોથી પાછળ ભટક્યા કરે છે. અરે મંદિરમાં પણ ભગવાનને ભૂલીને આપણું મન ભૌતિક પદાર્થોની પાછળ ચિંતન કરતું હોય છે. આજનો માણસ પૈસો અને ભૌતિક સૂખોનો દાસ બન્યો છે, પણ એનું આત્મબળ અને નૈતિક જુસ્સો ઘટી રહ્યો છે.

જાણીતા તત્ત્વચિંતક હરિભાઈ કોઠારી પોતાના પ્રવચનમાં હમેશાં કહેતા કે માણસ પાસે ટીસેટ, દાગીના સેટ, હીરાના સેટ છે પણ મન "Upset" છે. માણસ ઉઠે ત્યારથી લઈને સૂવે ત્યાં સુધી અસ્વસ્થ રહે છે અને પરિણામે મન અશાંત રહે છે. માનસિક તાણ, દોડભાગ અને તણાવ આ સ્પર્ધાત્મક સમાજમાં વધતા જાય છે.

જેના પરિણામે દર એક મિનિટે પાંચ માણસો માનસિક તાણનો ભોગ બને છે. એક તારણ મુજબ ગામડાંઓ કરતા શહેરી લોકોમાં અસ્વસ્થતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના કારણ મુજબ જે રોગોને કારણે માણસની કાર્યક્ષમતા અને ઉપાદકતા ઘટીને જીવનના અમૂલ્ય કલાકો વેડફાય છે તેના પ્રથમ પાંચ રોગોમાં માનસિક રોગો પ્રથમ આવે છે, માણસની અસ્વસ્થનું બીજું કારણ એ છે કે માણસ હતાશા Depression અને ચિંતાઓથી Anxiety હંમેશાં ઘેરાયેલો હોય છે. પછી તે ફૂટપાથ પરનો મજૂર હોય કે આલિશાન ઘરમાં રહેતો ધનપતિ હોય, ગામડાંઓનો અભણ માણસ હોય કે કૉલેજનો પ્રોફેસર હોય, પાંચ વર્ષનો બાળક હોય કે ૮૦ વર્ષનો વૃદ્ધ હોય. દરેક માણસ આ રોગોનો ભોગ બને છે. કોઈને પૈસા કમાવવાની ચિંતા, તો કોઈને પૈસા સાચવવાની ચિંતા, તો કોઈને ભણવાની ચિંતા, તો કોઈને ઘર ચલાવવાની ચિંતા, એવું લાગે કે ચિંતાનો ધોધમાર વરસાદ આપણા સૌ ઉપર પડી રહ્યો છે.

અત્યારે દરેક માણસ કંઈક ને કંઈક તણાવમાં હોય છે. ડિપ્રેશન એ કોઈ નાની સમસ્યા નથી. આ એક ખતરનાક બીમારી છે. ડિપ્રેશનનો ભોગ બનેલ માણસ નાની વાત પર વધુ વિચારે છે. તો નેગેટીવ માનસિકતા ધરાવે છે. તો ડિપ્રેશનથી પીડિત માણસ પોતાનો મુડ બદલવા માટે કોઈની પણ સાથે ઝઘડો કરી લે છે.

મગજમાં નકામી વાતો લેવી એ પણ ડિપ્રેશનનો જ એક ભાગ છે, એવું ના કહી શકાય કે ડિપ્રેશનની સમસ્યાની સારવાર ફક્ત ડોક્ટરો જ કરી શકે, પરંતુ તમે ખુદ પણ ડિપ્રેશનની સારવાર કરી શકો છે. આવો જાણીએ, એવી કઈ વસ્તુ કરવાથી ડિપ્રેશનમાંથી બહાર આવી શકાય છે.

જેમાં ઓમેગા ૩ ફેટી એસિડ અને વિટામિન B-1 યુક્ત ખોરાકની પસંદગી કરો. તો ડાયટ પ્લાનમાં લો ફેટ કાર્બોહાઈડ્રેટ સામેલ કરો. જેનાથી તમારા મગજમાં કેમિકલ સેરોટોનીનને વધારો કરે છે. જેથી તમે સારું વિચારી શકો છો. સાથોસાથ ડાયટ પ્લાનમાં શાકભાજી, ફળ અને ફાઈબરનો વધારેમાં વધારે ઉપયોગ કરો.

ડિપ્રેશનમાંથી બહાર આવવા માટે કોઈ એવું વસ્તુ નથી જે ખાવવાથી બહાર આવી શકાય, પરંતુ તમારા બોડીને મગજ માટે સાત્વિક ખોરાક જરૂરી છે. તેના માટે ફળફળાદી અને ડ્રાઈફ્રૂટનો ભરપૂર ઉપયોગ ડિપ્રેશનમાંથી બહાર નીકળવાનો શ્રેષ્ઠ ઉપાય છે. મૂડને સારો કરવા માટે સારા ખોરાકની પસંદગી કરો.

આ ઉપરાંત ઓફિસમાં કામ કરતા સમયે વધુ કેફી દ્રવ્યોનું સેવન કરવાનું ટાળો. કારણ કે, વધુ પડતા કેફી દ્રવ્યોને કારણે ઘબરાહટ અને ચીડચીડાપણું થાય છે. ઘણીવાર એવું થાય છે કે, કોઈ બીજી જ વ્યક્તિ પર્સનલ કોમેન્ટ કરતા આપણો મૂળ ખરાબ થાય છે તેથી આપણા મૂડ અને હેલ્થને સ્વસ્થ રાખવા માટે હંમેશાં પોઝિટીવ જ વિચારો. પોઝિટીવ વિચારથી જ તમે ડિપ્રેશન સામે લડી શકશો.

કસરત કરવાથી રિલેક્સ રહેવાય છે અને મગજ પણ શાંત અને સ્વસ્થ રહે છે. કસરત કરવાથી મૂડ પણ સારો રહે છે, પરંતુ આપણે એ જ કસરત કરવી જોઈએ જે કસરત કરવાથી આપણને મજા આવે. તમે ટેનિસ રમો, બાઈક ચલાવો, સ્વિમિંગ કરો, વોકિંગ કરો અથવા સ્વિમિંગ કરો. આપણે અંધારામાં વધુ ડિપ્રેશનને મહેસૂસ કરીએ છીએ. જેમાં પણ ખાસ કરીને શિયાળામાં તડકાની વધુ જરૂર હોય છે. તડકાથી વિટામીન D મળે છે. તો બીજી તરફ તડકાથી ડિપ્રેશનથી મુક્ત પણ થવાય છે.

હમણાં જ બોલિવુડની જાણીતા અભિનેત્રી દીપિકા પાદુકોણે જાહેરમાં કબુલ કર્યું કે તે પોતે ડિપ્રેશનનો શિકાર બની હતી અને મહિનાઓ સુધી ઈલાજ કરવો પડ્યો હતો એવી જ વાત એક લેખક સાથે બની હતી અને ડોક્ટરની પાસે સારવાર કરાવી રોગમુક્ત થયા હતા. આવી પરિસ્થિતિમાં પરિવારનો તથા મિત્રોનો સહકાર દર્દીને મળે તો તેનું મનોબળ વધે છે અને જલદીથી સાજો થઈ જાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંતે પ્રવચનમાં શ્રોતાઓને ચેતવ્યા અને જીવન સફળ કરવા માનવભવને સુધારવો હોય તો ભૌતિક સુખને છોડી દઈને ભગવાનનું શરણું સ્વીકારો બસ માનવભવમાં આટલું જ કરવાનું કરી દો તો તમે માનવ નહીં મહામાનવ બની જશો. જીવ પાપોથી રોજ રોજ ખરડાય છે અને માણસને પાપોનો ડર લાગતો નથી. મશીનોની ભરમારોની વચ્ચે રહી રહીને માણસ મશીન જેવો બની ગયો છે. મશીનોમાં લાગણી નથી, સંવેદના નથી, મશીનોને પાપો લાગતા નથી, પુણ્ય લાગતું નથી. મશીનની જેમ માણસ પણ લાગણીશૂન્ય બની ગયો, સંવેદનાશૂન્ય બની ગયો. હૈયા વિનાનો બની ગયો. મશીનને ગુરુની જરૂર નથી. માણસને પણ ગુરુની જરૂર નથી. અમૂલ્ય સમય સંપત્તિ બગાડે છે, પણ જાતને સાફ કરવા ઉપેક્ષા કરે છે. કામ, ક્રોધ, ઈર્ષ્યા, નિંદા, અહંકાર, ધન પાછળનું પાગલપણું આદિ આત્મામાં રહેલા કચરાને સાફ કરવા તૈયાર નથી. નિર્દોષ નબળા ઉપકારી જીવોને માફ કરવા તૈયાર નથી અને જગતપતિ ઉપકારી કરુણાના સાગર સર્વ જીવોનું હિત કરનારા દેવ તથા ગુરુ અને ધર્મને યાદ કરવા તૈયાર નથી.

માણસે એક વાત યાદ રાખવી જોઈએ કે –

પૈસો તમને 'સ્થાન' આપશે,
'ઘર નહીં આપી શકે.
ખાદ્ય પદાર્થ આપી શકશે,
પણ ભૂખ નહીં.
પૈસો કપડાં આપી શકશે,
પણ સુંદરતા નહીં.
દવાઓ આપી શકશે,
પણ તંદુરસ્તી નહીં.
પૈસો પુસ્તકો આપી શકશે,
પણ વિચારશક્તિ નહીં.
એ વૈભવ-વિલાસનાં
સાધનો આપી શકશે, પણ પ્રસન્નતા નહીં.

અને છેલ્લે ૩ વાત યાદ રાખો કે, ''જાતને સાફ કરો, જગતના જીવોને માફ કરો અને જગતપતિને યાદ કરો''

– સાભાર સર્જનહારમાંથી

જગતને છેતરનારો પોતાની જાતને છેતરતો હોય છે

❑ હરિભાઈ કોઠારી

गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा,
पापं तापं च दैन्यं च ध्नन्ति सन्तो महाशयाः

'ગંગા પાપને, ચંદ્ર સંતાપને અને કલ્પતરુ માણસના દૈન્યને દૂર કરે છે; પરંતુ મહાન આશયવાળા સંતો તો પાપ, તાપ અને દૈન્ય ત્રણેયને હણી નાખે છે.

ભારતીય સંસ્કૃતિ સદૈવ સાચા સંતોનું મહિમાગાન કરે છે. સંતોના સાન્નિધ્યમાં સઘળાં પાપોનું શમન થઈ જાય છે. ભગવાન બુદ્ધના સાન્નિધ્યમાં થયેલું અંગુલિમાલનું હૃદયપરિવર્તન કે દેવર્ષિ નારદના સમાગમે સધાયેલું વાલિયાનું જીવનપરિવર્તન આ વાતની પ્રતીતિ કરાવે છે. 'શાંતિ પમાડે તેને સંત કહીએ.' જેની પાસે જતાં જ સંસારના સઘળા સંતાપો નાશ પામે તે જ સાચો સંત. જીવનની દીનતા કે લાચારીને દૂર કરનાર સંતો બહુ જ દુર્લભ હોય છે.

કલિયુગમાં બનાવટી સંતોનો રાફડો ફાટ્યો છે. તેથી માણસે ખૂબ જ સાવધાન રહેવું જોઈએ. સંત તુલસીદાસ આ સંદર્ભમાં લખે છેઃ

મિથ્યારંભ દંભરત જોઈ તાકર સંત કહે સબ કોઈ,
સોઈ શયાન જો પરધનહારી જો કરે દંભ સો બડા આચારી!

'જે મોટા-મોટા મિથ્યા આડંબરોના દંભ વડે સમાજને છેતરતો હોય તેને કલિયુગમાં લોકો સંત કહેવા લાગે છે. પરધન પડાવી લેવામાં જે હોશિયાર હોય તે જ શાણો ગણાય છે અને લોકોની આંખમાં ધૂળ નાખવામાં જે કાબેલ હોય તે આ યુગમાં સૌથી મોટો આચાર્ય ગણાય છે.'

ખરેખર તો જગતને છેતરનારો પોતાની જાતને જ છેતરતો હોય છે.

છેતરે જે અન્યને તે કદી ના છે તરે!

આપણે ત્યાં એક પૌરાણિક કથા સુપ્રસિદ્ધ છે. દેવર્ષિ નારદે એક વાર બ્રહ્મદેવને સત્સંગનો મહિમા પૂછ્યો. બ્રહ્મદેવે કહ્યું, 'દેવર્ષિ, હું ખૂબ જ કામમાં છું તેથી તમે એમ કરો કે પૃથ્વીલોકમાં એક જંગલમાં એક ઝાડ પર એક કાચિંડો બેઠો છે એને જઈને તમારો

પ્રશ્ન પૂછો.''

નારદજી બ્રહ્મદેવના આદેશ પ્રમાણે કાચિંડા પાસે આવ્યા એ સત્સંગનો મહિમા સમજાવવા એને વિનંતી કરી. નારદજીના શબ્દો સાંભળતાં જ કાચિંડો ઝાડ પરથી નીચે પડીને મરી ગયો.

નારદજી પાછા બ્રહ્મદેવ પાસે ગયા. બ્રહ્મદેવે તેમને એ જ જંગલના બીજા ઝાડ પર બેઠેલા પોપટ પાસે સત્સંગનો મહિમા સમજવા મોકલ્યા. નારદજીનો પ્રશ્ન સાંભળતાં પોપટની પણ કાચિંડા જેવી જ દશા થઈ અને એ પણ તરત મરણને શરણ થયો. નારદજીને અતિ આશ્ચર્ય થયું. વળી તેઓ બ્રહ્મદેવ પાસે પહોંચ્યા. હવે બ્રહ્મદેવે તેમને એક ગામમાં એક ખેડૂતના ઘરે જવા કહ્યું. ખેડૂતની ગાયને જન્મેલા વાછરડાને આ બાબત પૂછવા તેમણે નારદને આદેશ આપ્યો. યથોક્ત નારદ વાછરડા પાસે પહોંચ્યા. 'મારે તારી પાસેથી સત્સંગનો મહિમા જાણવો છે.' એવા દેવર્ષિના શબ્દો કાને પડતાં જ વાછરડો ઢળી પડ્યો.

ત્રણ-ત્રણ જીવહાનિથી નારદજી અતિ વ્યાકુળ થયા. તેમણે બ્રહ્મદેવને કહ્યું, 'તમે જ મને સત્સંગનો મહિમા કહો.'

બ્રહ્મદેવે કહ્યું, 'મને એ શક્ય નથી. તમે પાછા પૃથ્વી પર જાઓ. ત્યાં એક નગરમાં રાજાની રાણીએ રાજકુંવરને જન્મ આપ્યો છે. એ નવજાત શિશુને તમે સત્સંગનો મહિમા પૂછો.'

નારદજીની હિંમત નહોતી ચાલતી, પણ બ્રહ્મદેવના આદેશ સામે લાચાર હતા. તેઓ નિર્દિષ્ટ સ્થળે પહોંચ્યા અને નવજાત રાજકુંવરને સત્સંગનો મહિમા પૂછયો. પ્રશ્ન સાંભળતાં જ રાજકુમાર હસવા લાગ્યો. રાજપુત્ર મર્યો નહીં તેથી દેવર્ષિને શાંતિ થઈ. તેમણે રાજકુંવરને કહ્યું, 'મારા પ્રશ્નનો જવાબ આપવાને બદલે તું હસે છે કેમ?'

રાજપુત્રે કહ્યું, 'દેવર્ષિ, મેં તમારા પ્રશ્નનો ઉત્તર ક્યારનોય આપી દીધો છે.'

નારદજીને નવાઈ લાગી.

દેવર્ષિના કુતૂહલનું નિરસન કરતાં તે રાજપુત્ર કહ્યું, 'દેવર્ષિ, તમે જ સાચા સંત છો. તમારો મહિમા અનુપમ છે. તમારા સંગથી મને કેટલો મોટો લાભ થયો છે! કાંચિડારૂપે હું જ હતો. ત્યાં તમારું સાન્નિધ્ય મળતાં જ હું પોપટ બન્યો. ત્યાં પણ તમારો સંગ પ્રાપ્ત થયો અને પરિણામે હું વાછરડાનો અવતાર પામ્યો. તમારું આગમન ત્યાં પણ થયું અને એ સત્સંગના લાભે આજે હું મનુષ્યયોનિમાં રાજકુંવરનો જન્મ પામ્યો છું. તમારા જેવા સંતના સંગથી ઉત્તરોત્તર મારી પ્રગતિ થતી ગઈ. આવા સત્સંગનો મહિમા તો જેટલો ગાઈએ એટલો ઓછો છે.'

ઉપરોક્ત કથા ખૂબ જ માર્મિક છે. ચાર અવતાર દ્વારા એ કથામાં ચાર અવસ્થાઓ બતાવવામાં આવી છે. પ્રત્યેક માનવ શરૂઆતમાં કાચિંડાની જેમ રંગ બદલનાર જ હોય છે. 'ગંગા ગયે ગંગાદાસ અને જમના ગયે જમનાદાસ' એવા મીરજાપુરી લોટા જેવા લોકોની બેઠક સ્થિર નથી હોતી. અસ્થિર અને ચંચળવૃત્તિના આ માનવો જો સત્સંગ કરે તો તેમનામાં પોપટનું સ્થૈર્ય આવે. કાચિંડાની ચંચળતા સાધનામાં બાધક છે. વાત-વાતમાં ફરી જનાર માણસ પોતાની અધમતાનો પરિચય આપે છે. પોપટ સદા એક જ વાતનું રટણ કરે છે. પરંતુ એ પણ પૂર્ણ વિકાસ નથી. સમજ્યા વગરનું કોરું રટણ બહુ લાભદાયી નીવડતું નથી. તેથી જ તો પોપટિયા જ્ઞાનને આપણે બહુ કિંમત નથી આપતા.

વાછરડો જેમ વાગોળે છે તેમ સત્સંગથી વિકાસ પામેલો માણસ શ્રવણ પછી મનન કરીને વિચારને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરે છે. અને છેવટે નિદિધ્યાસન એટલે અનુભૂતિના પ્રાંતમાં પ્રવેશે છે. એ પોતાને રાજકુંવર અર્થાત્ પ્રભુનો અંશ (મમૈવાશ:) સમજવા લાગે છે. આમ સત્સંગ માણસનો ઉત્તરોત્તર વિકાસ સાધી તેને મહિમાવાન બનાવે છે. – સાભાર

જેના નિમિત્તે તમારામાં નેગેટીવ લાગણી જન્મી હોય તે આત્માની ક્ષમા માંગો અને તેને ક્ષમા આપો

❑ પારસમુનિ

ગોંડલ સંપ્રદાયના મહામંત્ર પ્રભાવક પૂ. ગુરુદેવ શ્રી જગદીશમુનિ મ.સા.ના સુશિષ્ય સદ્‌ગુરુદેવ પૂ. શ્રી પારસમુનિ મ.સાહેબે પર્યુષણ પર્વના સાતમા દિને 'આર્ટ ઑફ ટોકિંગ' વિષય પર પ્રવચન આપતા જણાવેલ કે જે માણસ બોલવાની કળા જાણે છે, બધા લોકો તેને પસંદ કરે છે. વાણીમાં જ અમૃત છે, વાણીમાં જ વિષ છે. લીમડાના વૃક્ષો ઘટી રહ્યા છે અને વાણીમાં કડવાહટ વધી રહી છે. બીજી તરફ શરીરમાં સુગર વધી રહ્યું છે અને જીભમાં મિઠાશ ઘટી રહી છે. ભાષા એ માનવીના મનની આત્મકથા છે.

પર્યુષણ પર્વના અષ્ટમદિને 'જીવન કો પ્રસાદ બનાએ, વિષાદ નહીં.' વિષય પર પ્રવચનમાં ફરમાવેલ કે જીવન પ્રભુનો પ્રસાદ છે, કારણ વગર માનસિક તનાવ ઉભા કરીને વિષાદ ન લાવો. જીવન તો બંસરી છે. દુઃખરૂપી છેદ તો દરેકના જીવનમાં હોય છે. પણ જેમ બંસરી વગાડતા આવડી જાય, તો છેદમાંથી પણ બંસરીના મીઠા સૂર પ્રગટાવી શકાય છે. જીવન જલેબી જેવું છે. આડી-અવળી જીવનની બાજીઓ છે, પણ સ્મિત-પ્રસન્નતાની ચાસણી લગાવી દો તો જીવન મધુર લાગશે.

જીવન એક પરીક્ષા છે. પરીક્ષાની જિંદગી પૂરી થાય પછી જીંદગીની પરીક્ષા શરૂ થાય છે. જીંદગીમાં વિશ્વાસ રાખો, જે લોકો સારા હશે તે સાથ આપશે, દુર્જન હશે તે સબક શીખવાડશે. જીંદગીમાં વિશ્વાસ રાખો. જીવનમાં સ્વયં કોઈથી રીસાય નહીં, અને બીજાને રીસાવાનો અવસર ન આપો. જીંદગી તસ્વીર પણ છે અને તકદીર પણ છે. સારા રંગો મેળવશો તો તસ્વીર સુંદર બની જશે. સારા કર્મ કરશો તો તકદીર સારી બનશે. જીવનમાં ગાય જેવા બનો, સાપ જેવા નહીં, ગાય ઘાસ ખાય છે, પણ બદલામાં દૂધ આપે. સાપ દૂધ પીવે છે, પણ વિષ આપે છે. જે ગાયની જેમ રહે છે તે ગોવિંદની જેમ પૂજાય છે. જે સાપની જેમ રહે છે તે શેતાનની જેમ તિરસ્કાર પામે છે.

આપણે પચ્ચીસો વર્ષથી લડીલડીને અલગ-અલગ થઈ ગયા. બેહિસાબ નુકશાન ઉઠાવ્યું. જો હવે ફક્ત પચ્ચીસ વર્ષ માટે પણ એક થઈ જાય તો વિશ્વમાં 'જૈનં જયતિ શાસનમ્' થઈ શકે છે. એકતાની દુનિયામાં મહાનતમ તાકાત છે, મુઠ્ઠીભર લોકો પણ એક બની જાય તો આખા વિશ્વમાં છવાઈ શકે છે. સમાજને સંગઠિત રાખવા માટે ઈર્ષ્યા અને અહંકારનો ત્યાગ કરો, ટાંગ

ખેચવાનું બંધ કરો. દૂરાગ્રહ અને સંકુચિત વૃત્તિનો ત્યાગ કરો. સમાજમાં મિટિંગોને વધુ લાંબી ન ખેંચો, કાર્યમાં વિશ્વાસ રાખો, તકરાર ન કરો. જીવનમાં દરેક તોફાનો તમારું નુકશાન કરવા નથી આવતા. અમુક તોફાનો તમારો રસ્તો સાફ કરવા માટે પણ આવતા હોય છે. જીંદગીભર ગમે તેટલું ધન-ધન કરી લો, પણ મર્યા બાદ અવસાન નોંધમાં તો નિધન જ લખવામાં આવશે.

મને અફસોસ થાય છે જ્યારે હું જોવું છું કે આપણા અધિક્તર સંતો-સતીઓ આજે ધનિકો પાછળ પાગલ બન્યા છે. વિચારું છું કે શ્રમણ અને શ્રાવકનો સંબંધ પણ ધન પર નિર્ભર થઈ ગયો. એક સમય હતો કે જ્યારે મુનિ ગૃહસ્થમાં શ્રાવકત્વ જોતા હતા. આજે તો ફક્ત ધન જ જોવામાં આવે છે. તેની દૃષ્ટિ ધન પર જ ટકેલી છે.

ભવ આલોચના કરાવતા પૂ. ગુરુદેવે જણાવેલ કે રામમાં તો બધા રામ જોવે, પણ રાવણમાં પણ રામ જોવે તે સાચા રામ હોય.

ક્ષમાપના કોની સાથે કરવાની છે ? જેના નિમિત્તે આપણી અંદર નેગેટીવ લાગણીઓ જન્મી હોય, એ વ્યક્તિની ભીતરમાં રહેલા શુદ્ધ આત્માની ક્ષમા માંગવાની છે. સાચા દિલથી જો ક્ષમા કરાય અને અપાય તો આપણા દિલનો બોજ હળવો થતો અનુભવાશે. એટલું જ નહીં, એની પોઝિટિવ અસર સર્વ પ્રથમ આપણને અપસેટ કરનાર વ્યક્તિ સુધી પણ પહોંચશે. અને તેના વર્તનમાં પણ પરિવર્તન આવશે. **ક્ષમા એવી ચીજ છે કે જે આપીને અને પામીને હળવા થવાય.** રોજ જીવનમાં સવારે ઉઠીને અને સાંજે સૂતા સમયે પ્રાર્થના કરો ''જાણતા-અજાણતા મારાથી કોઈના આત્મ ભગવાનને મન-વચન-કાયાથી કોઈ પણ પ્રકારે દુઃખ પહોચ્યું હોય તો એ સર્વ જીવોની ક્ષમા માંગુ છું. આટલું રોજ બોલો ૧૦૦૮ તમને અપસેટ કરતી નેગેટીવ ફિલિંગ્સમાંથી છૂટકારો મળશે. કદાચ આપણે કોઈ વ્યક્તિની પાસે જઈને રૂબરૂ માફી ન માંગી શકીએ, પણ ઉપર જણાવેલ ઉપચાર તો સહેલાઈથી થઈ શકે છે. જો તમે દિલથી ક્ષમા માંગશો તો તમારા વાણી, વર્તનમાં ફેરફાર થશે, તમે કોઈને હર્ટ થાય તેવા શબ્દો ક્ષમા માંગ્યા બાદ નહીં બોલો. જીવનમાં કેટલાય અદ્દ્ભૂત પ્રસંગો પણ માત્ર ફોર્માલિટી બનીને રહી જાય છે. સૌ ક્ષમાપના પર્વમાં એક-મેકને મિચ્છા-મિ દુક્કડં આપી હળવા બન્યા.

समय का प्रमाद न करे
महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

भगवान महावीर ने गौतम गणधर को सम्बोधित करते हुये, हमें परोक्ष रुप से कहा है, समय मात्र का प्रमाद मत रोको। हमें मानव भव मिला है, धर्म आराधना के लिये, सुकृत के लिये, जिससे हम कर्म क्षय कर सकते है। हमने पूर्व भवों में कई कर्मो को संग्रहित किया है, उन कर्मो से पीछा छुडाने के लिये, पुण्य के उदय से हमें मानव जन्म मिला है। मानव भव अगर प्रमाद वश, घुमने-फिरने और व्यर्थ के कार्यो में व्यतित कर दिया, तो हमारे पास पछताने के अलावा कुछ भी नही रहेगा।

एक बार भारत में रहेने वाला एक मित्र, विदेश प्रवास हेतू अपने दुसरे मित्र के यहाँ रोम प्रदेश में गया। वहाँ से दोनों मित्र विश्व भ्रमण हेतू निकलने वाले थे। उन्होंने शरूआत रोम से ही की। दो घोडे प्रवास हेतू बुला लिये, घोडे पर सवार होकर, दोनें मित्र रोम के एक शहर में घुमने निकले, चलते-चलते एक चौराहे पर दोनों मित्र रुके, आगे रास्ता बन्द है, ऐसा रोम की पुलिस ने बताया। मित्रों ने कारण जानना चाहा, पता चला यहाँ के जो राजा है, उनका इकलौता राजकुमार था, जिसकी कल अचानक मृत्यु हो गयी। सभी लोग आज उन्हें श्रद्धांजलि देने आ रहे है। आज श्रद्धांजलि का कार्यक्रम होने की वजह से, आगे का रास्ता बन्द था। लोग बारी-बारी से राजकुमार की कब्र के पास आते है, और उन्हें श्रद्धांजलि दे रहे है। दोनों मित्र घोडो से उतरे और श्रद्धांजलि का कार्यक्रम देखने लगे।

कुछ अनुभव व्यक्तियों का समूह, राजुकमार की कब्र के पास पहुँचता है, और कहने लगे। राजकुमार आप कब्र से उठो, हम जिन्दगी भर अपने अनुभव आपको देते रहेंगे, हमारे होते हुये, आपको किसी प्रकार की तकलीफ नहीं होगी। हमारे अनुभवों से आपकी जिन्दगी आसान हो जायेगी, साथ ही हम राज्य कार्य में आपको बहुत उपयोगी रहेंगे। वे लोग चीखचीख कर राजकुमार को कब्र से उठा रहे थे, किन्तु कब्र से कोई आवाज नहीं आ रही थी। राजकुमार मर चूका था, और मरा हुआ व्यक्ति कभी वापस जीवित नहीं हो सकता है, यह कटु सत्य है।

अब कविता लिखने वाले कवियों की बारी थी, कविलोग राजकुमार की कब्र के पास आते है, और कहने लगे है राजकुमार उठो। यह वक्त कब्र में सोने का नहीं है। आपने अभी यौवन अवस्था में कदम रखा है, हम कवि लोग जीवन पर्यन्त आपको कविता लिखकर सुनाया करेंगे, और कविताओं से हम आपका जीवन हरा-भरा कर देंगे, हम आपको कभी मरने नहीं देंगे। हे राजकुमार उठो जागो। हम अपनी कविता से आपको ओतप्रोत कर देंगे, लेकिन राजकुमार जो मर चूका था, उसे कब्र में दफना दिया था, वह कैसे कवियों की बात सुनता, और कैसे कब्र से उठता।

अब सैनिकों की बारी थी, रोम देश के तमाम सैनिक वहाँ आ पहुँचे, और राजकुमार से कहने लगे, है राजकुमार उठो! आपको अभी रोम प्रदेश पर राज करना है।

हम सब आपकी और आपके राज्य की रक्षा करेंगे, किसी प्रकार का अहित नहीं होने देंगे। शत्रुओं को परास्त कर देंगे, हम जीवन पर्यन्त आपकी रक्षा का वादा करते है। राजकुमार उठो और राज्य का कार्यभार संभालो, तथा हमें आदेश करो, क्या आज्ञा है, हमारे लिये? हमेंकिस राज्य पर चढाई करना है? कब्र से कोई जवाब नहीं आ रहा था, राजकुमार कब्र से उठनेवाले नहीं थे, क्योंकी उनकी मृत्यु हो चुकी थी?

अंत में राजा खुद कब्र के पास रुदन करते हुये पहुँचते है, और कहने लगे ओ राजकुमार तुम मेरे हृदय को टुकडे हो, मेरी आँख की किकी जैसे हो, मोतियों के हार के समान हो, कानो के कुण्डल के समान हो, तुमसे ही इस राज्य की शोभा है, मैं तुम्हारे बिना जीवित नहीं रह सकूँगा। राजकुमार उठो जागो। राज्य का कार्य सम्भालो, न कोई कब्र से आवाज आ रही थी, शान्त वातावरण के साथ सन्नाटा छाया हुआ था। राजा कहने लगे, अगर तुम नहीं उठे तो, में अपनी जान दे दूँगा, तुम्हारे बिना मेरे जीवन का कोई वजूज नहीं है, बस सभी श्रद्धांजलि देकर चले जाते है। लाखों की जनमेंदनी बिखर जाती है।

यह सारा द्रष्य दोनों मित्र देख रहे छे, उनकी आँखे भर आती है, अब रास्ता धीरे धीरे खाली हो जाता है। रोम में रहने वाले मित्र ने अपने भारतीय मित्र से कहा, चलो आगे चलते है, अब रास्ता खुला हो गया है। भारत में रहनेवाले मित्र का हृदय परिवर्तन को चूका था, उसने कहा अब मुझे कहीं घुमने नहीं जाना है, और न ही विश्व भ्रमण करना है। मुझे यह अमूल्य जीवन मिला है, उसे में घुमने-फिरने में गवाना नहीं चाहता हूँ। मुझे मानव भव पाप-कर्म करने के लिये नहीं, अपितु इस भव सागर से पार होने हेतू मिला है। साथ ही मुझे यह भी ज्ञात हो गया है, कि जीवन क्षणभंगुर है, कभी भी मृत्यु हो सकती है, शरीर का कोई भरोसा नहीं है,

यह देह नश्वर है।

किसी ने सच ही कहा है, गयी सम्पति वापस मिल सकती है, किन्तु समय और प्राण गये हुए, वापर कभी भी नहीं आते है। इस मानव भव में, धर्म आराधना कर, तप आदि कर, समुद्र जितने कर्म भी क्षय कर सकते है। बस हमें प्रमाद छोडना होगा, घुमने-फिरने का काम बन्द कर, धर्म आराधना में जुड जाना होगा, साथ ही हम सुकृत का कार्य करे, दिन दुखियों के लिये उपयोगी बने, तभी हमारा मानव भव सफल होगा। जो घुमने-फिरने जाते है, वहाँ मुख्य रुप से तीन चीजे जीन ''प'' ही देखने को मिलते है। पहला प-पानी, दूसरा प-पत्थर, तीसरा प-पत्ते। इस तरह संसार में पर्यटक स्थलों पर पानी, पत्थर और पत्तों के सिवाय कुछ नहीं है। हम प्रमाद छोडे, घुमने-फिरने से दुर रहे, और आराधना कर मानव भव को सफल बनाये, यहीं जीवन का सार है।

जागने की वेला है स्वयं को जगा लो भावनाओं के समन्दर में जरा डुबकी लगा लो।

वक्त को चाहकर भी रोक न पाया कोई चन्द घडीयाँ शेष है जीवन को सफल बना लो.

લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

યુવક

નં	નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય	જ્ઞાતિ-મૂળ વતન-હાલ	સંપર્ક
૧)	પ્રણવભાઇ નરેશભાઇ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૭' Bcom - સર્વિસ (છુટાછેડા)	દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન પાલનપુર-બોરીવલી	(મો) ૯૩૨૦૮૭૪૯૧૧ (મો) ૮૨૯૧૩૮૩૮૭૮

યુવતી

નં	નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય	જ્ઞાતિ-મૂળ વતન-હાલ	સંપર્ક
૧)	ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭'' **M.Com, Business** (નોંધ: લગ્ન મુંબઇમાં જ કરવા છે)	શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ કઠોર (સુરત) - ઘાટકોપર (ઈ)	(ઘર) - (મો) ૯૮૬૯૩૧૭૬૨૩

પુષ્પગુચ્છ

- સંસારના કોઇ પદાર્થમાં સુખ નથી, સુખાભાસ છે. સાત્ત્વિક સુખ અંતરમાં છે. તેનું જોડાણ કરવું. આ મનુષ્યભવ દુર્લભ છે, એ કદી ભૂલવું નહિ.
- મનુષ્યથી ભૂલ થાય, દોષ થાય તે સ્વાભાવિક છે, પણ તેનો સ્વીકાર ન કરવો અને સ્વબચાવના પ્રયાસ કરવા, એથી તો સ્વયંનું જ અહિત થાય છે.
- દરરોજ અમુક પૈસા કે અમુક વજનનું અન્ન પરહિત કાજે અલગ તારવી રાખવું, આવો ભાવ સેવવો સારી વાત છે. આ રીતે મહિના બાદ અનુકૂળતા પ્રમાણે તેનું વિતરણ કરતાં રહેવાનું બહુ અઘરું નથી.
- સંસારમાં છીએ, એટલે અન્ય સાથેના સંબંધોમાં કોઇ કડવાં વેણ કહી જાય તો તેનું અર્થઘટન સવળું (સકારાત્મક) પણ કરી શકાય. કદાચ એવું બન્યું હોય કે એ વ્યક્તિ કંઈક દુઃખમાં હશે, તેથી કડવાશથી બોલાઇ ગયું હશે. મારે શા માટે ખોટું લગાડવું જોઈએ? ઊલટાનું મારે એને મદદરૂપ થવું જોઈએ.
- અન્યોન્ય સંબંધોમાં એક વિશેષતયા યાદ રાખવાની છે કે, સામેવાળાના સદ્ગુણો ક્યાકયા છે એની ખોજ કરવી. એવુંય બને કે એ ગુણો આપણામાં પ્રવેશી આપણને સમૃદ્ધ બનાવે.
- તમને દોષ જોવાનું મન થાય છે? ઠીક છે, સ્વયં તરફ દૃષ્ટિ કરો. કેટલાય દોષ, કષાય, મિથ્યાત્વ, સ્વાર્થ મળી રહેશે.
- સદા આત્મજ્ઞાનપ્રાપ્તિનો જ પ્રયાસ કરવો. સંસારમાં તેના જેવું શ્રેયસ્કર બીજું કંઈ નથી. આત્મજ્ઞાનની પ્યાસથી તમારા અસ્તિત્વમાં અજબ સંચાર થશે. ભીતર પ્રતીતિ થશે કે જગતમાં જાણવા જેવું હવે બીજું કંઈ નથી.

જેજેસીના દરેક સેન્ટર વતી ૨૦૨૦-૨૧ની જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓનો સન્માન સમારોહ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી
શ્રી ભાવીન જે. શાહ ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રીમતી રેખાબેન નંદુ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ડેવલોપમેન્ટ સેક્રેટરી
શ્રી રાજેશ સી. ગાંધી ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી વિરેન્દ્ર દામાણી, શ્રી સુનીલ શાહ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ખજાનચી શ્રી રાજેશ આર. ભણસાલી
ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રી પ્રકાશભાઈ શાહ, ભૂપેન્દ્રભાઈ મહેતા

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ખજાનચી
શ્રી પ્રફુલ પી. મહેતા ટ્રોફી સ્વીકારતા હસ્તે શ્રીમતી અલકા કામદાર, તૃપ્તિ છેડા

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના તંત્રી
શ્રી ચંદ્રકાંત એફ. શાહ ટ્રોફી સ્વીકારતા હસ્તે પ્રફુલભાઈ સૂર્યા, ભરતભાઈ શાહ

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ભૂતપૂર્વ ચેરમેન શ્રી હર્ષદભાઈ જે. ગાંધી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી પ્રફુલભાઈ કામદાર, જિતેન્દ્ર એસ. કોઠારી, શ્રી સંજય બી. શાહ

Advt

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

જે જે સી જુહુ બીચ

જે જે સી જુહુ બીચનો એક નમ્ર પ્રયાસ

Match Making

આજના આધુનિક *Digital Marketing* ના જમાનામાં
ઉત્પન્ન થયેલી વિકટ સમસ્યા એક સરખી વિચારસરણી ધરાવનારા એટલે...

Perfect Match જીવનસાથીની શોધ

Life Partner

રજીસ્ટ્રેશન સમય : સવારે ૧૧ થી સાંજે ૬-૦૦ સુધી સોમવાર થી શનિવાર (જાહેર રજા - રવિવાર સિવાય)

Kirtibhai Shah 93230 41653	Jayantbhai Shah 99694 88954	Vinodbhai Kapasi 98204 14472	Bharatbhai Mehta 98335 15055
Prajeshbhai Shah 98210 23112	Shreyasbhai Shah 98200 80764	Pankajbhai Vora 98204 57020	Jitubhai Kothari 98210 12321

જે જે સી જુહુ બીચ

૨૧૦, ૨જે માળે, એમ. એલ. સ્પેસ બિલ્ડિંગ, મેક ડોનાલ્ડની સામે, ડી. જે. રોડ,
જૈન મંદિરની પાસે, સ્ટેશન રોડ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE**, Printed at **ARIHANT PRINTING PRESS**, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg., Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**

Advt